# મૂર્તિ

જુન - ૨૦૨૪,
વર્ષ : ૨૧ અંક : ૦૬
વાર્ષિક : ₹૫૦/-

શ્રી ઘનશ્યામ મહારાજ દશાબ્દી મહોત્સવ - છતેડીધામ
તા. ૮ થી ૧૨ મે, ૨૦૨૫



પાટોત્સવ - સં. ૨૦૮૦













સહજાનંદ મંડપમ્ : ભૂમીપૂજન





પ્રકાશક : શ્રી અબજીબાપાની છતેડી અને હનુમાનજી મંદિર,
બળદિયા, તા. ભુજ, જિ. કચ્છ. પીન : 370 427



## અભિષેક : અન્નકોટ



## જ્ઞાન - ધ્યાન - ઉપાસના શિબિર



RNI No.: GUJGUJ/2004/52455

જુન : ૨૦૨૪

વર્ષ : ૨૧

અંક : ૬



# મૂર્તિ




## દિવ્ય પ્રેરણા

પ.પૂ. અ.મુ. મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી



## તંત્રી

શ્રી કલ્યાણ નારાણ વેકરીયા

## પ્રકાશક

**શ્રી અબજીબાપાની છતેડી અને**
**હનુમાનજી મંદિર**

બળદિયા-ભુજ (કચ્છ)

મોબાઈલ : ૯૦૯૯૦ ૪૯૨૮૨
૯૦૯૯૦ ૪૯૨૮૪

E-mail : abjibapachhatedi@gmail.com
Website : www.abjibapanichhatedi.org

## લવાજમ

| | |
|---|---|
| વાર્ષિક | : રૂા. ૫૦/- |
| પંચ વાર્ષિક | : રૂા. ૨૦૦/- |
| ૨૦ વાર્ષિક | : રૂા. ૫૦૦/- |
| વિદેશમાં ૨૦ વાર્ષિક | : રૂા. ૪૦૦૦/- |

## પ્રકાશન તારીખ

દર માસની ૧૧ તારીખે

## પ્રિન્ટીંગ

સ્વસ્તિક પ્રિન્ટર્સ-ભુજ
બેઝમેન્ટ, પિંડોરીયા ચેમ્બર્સ,
ન્યુ સ્ટેશન રોડ, ભુજ - કચ્છ.
E-mail : swastik.gr@gmail.com





| અનુક્રમ | પેજ |
|---|---|
| જ્ઞાન-ધ્યાન-ઉપાસના શિબિર | ૦૪ |
| શિક્ષાપત્રી રહસ્યાર્થ પંચાહ્ન પારાયણ | ૧૪ |
| પ્રવચનમાળા | ૨૦ |
| મૂર્તિ સુખે સુખિયા થયા | ૨૨ |

# જ્ઞાન-ધ્યાન-ઉપાસના શિબિર

**(તા.: ૧૬/૦૫/૨૦૨૪ થી ૧૮/૦૫/૨૦૨૪)**

**યજમાન :** મૂ.નિ. કાન્તિભાઈ કેવળદાસભાઈ પટેલ તથા મૂ.નિ. ઈન્દિરાબેન કાન્તિભાઈ પટેલ – અમદાવાદ

**પ્રથમ દિવસ - (સવારનું સત્ર)**

- ''સ્વામિનારાયણ'' મહામંત્રની ધુન (સમુહમાં)
- ''કિર્તન ભક્તિ'' અ.મુ. શ્રી ઠાકરશીભાઈ :- ''ધર્મકુંવર હરીકૃષ્ણની રે મૂર્તિ મારે મન માની...''

**અ.મુ. શ્રી પરષોત્તમભાઈ પટેલ :-**

- સત્સંગથી આપણે જ્ઞાન, ધ્યાન, ઉપાસના કરીએ.
- ગ.પ્ર. ૧ અખંડ ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવી તે સર્વોપરી મોટી પ્રાપ્તિ છે.
- મહારાજની મૂર્તિ ચિંતામણી છે જે ચિંતવીએ તે મળે છે.
- વક્તા મહોદયશ્રીનું પૂજન – અ.મુ. શ્રી રવજીભાઈ પટેલ તથા અ.મુ. શ્રી ગોવિંદબાપા છતેડી તથા અ.મુ. શ્રી મગનભાઈ પિત્તામ્બરભાઈ પટેલ
- ''આરતી'' સમુહમાં

**અ.મુ. શ્રી શ્વેતવૈકુંઠદાસજી સ્વામી :**

- પ્લેગ આવ્યો ત્યારે ૭ વખત વચનામૃતની પારાયણ બાપાશ્રીએ વાડીમાં વાંચી હતી.
- મહારાજ તેરામાં કથા કરતા હતા ત્યારે મુક્તાનંદ સ્વામીને ઉંઘ આવી પછી પરમચૈતન્યાનંદ સ્વામીને ઉંઘ આવી બન્નેને બહાર કાઢી મૂક્યા પછી આત્માનંદ સ્વામીને ઉંઘ આવતી હતી ત્યારે બે બોર મારી ત્રણેને બહાર મોકલી દીધા.
- સદ્‌ગુરૂની કૃપા વગર આપણું ઘડતર નથી થતું.
- મોટા મુક્તો મુમુક્ષોને સેવે છે જેમ પક્ષી પોતાના ઈંડાને સેવે છે.
- વચનામૃત કે બાપાની વાતો વાંચો પછી તમને આનંદ આવે.
- રાગ દ્વેષને ટાળવો હોય તો અખંડ કથા વાર્તા કરવી.
- આસન સિધ્ધ ન થાય ત્યાં સુધી કથામાં આનંદ ન આવે.
- ગોપાળાનંદ સ્વામીએ બધાયને ખુબ વચનામૃત સમજાવ્યા છે.
- પછી બાપાશ્રીએ બધાયને ખુબ વચનામૃત સમજાવ્યા છે ત્યારે ઈશ્વરચરણદાસજી સ્વામીએ પ્રશ્ન પૂછીને ખુબ જ સરળ બનાવી દીધુ છે.
- આ વાતો સંકલનનો હેતુ કોઈ મુમુક્ષુ આ વાંચે તો તેને દિવ્ય કરી મૂકે એવી છે.
- ખાખરીયામાં મંદિરના પૂજારી બાલકૃષ્ણ આવ્યા હતા ત્યારે ઈશ્વરસ્વામીએ માગ્યા અને બાપા પાસેથી અખંડ અમારી સાથે રહેજો એવા આશીર્વાદ માંગ્યા.
- મહારાજ અને મોટા મુક્તનો મહીમા સમજે તો દિવ્યભાવ આવે.
- મહીમા ન હોય તો સુખ ન આવે.
- ફેરફાર આપણામાં કરવાનો છે.
- જગતમાં અત્યારે કેવું ચાલી રહ્યું છે અને સત્સંગમાં તો બધા નિર્વાસનીક છે એમાંય કારણ સત્સંગમાં બધાની સ્થિતિ ઉંચી છે.
- કથા વાર્તામાં ગુણનો વેગ ન આવે તેમ કરવું.
- રામદાસભાઈ, ગુણાતીતાનંદ સ્વામી જેવા વિગેરે ઘણાએ સત્સંગનું ઘડતર કર્યું છે.
- સ્વભાવ, પ્રકૃતિ તે દેહના ભાવ છે.
- ભગવાનના ભક્ત સાથે મન મેળાપ રાખવો.
- નિત્યાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, મહારાજ વિગેરેની રીતી એક નહિ નોખે નોખી હોય પણ બધાયને એક થઈ રાખે.

**અ.મુ. શ્રી જાદવજીબાપાની વાણી :-**

- રાજા રાજી થાય તો રાજ આપી દે.
- મહારાજને મોટાને વિષે જીવ જોડી દઈ તો રાજી થાય.
- નાના છોકરાને ખાવાનું માંગવુ નથી પડતુ અને મા માંગ્યા વિના આપે છે.
- સાચી પ્રાપ્તી કેને થાય તો મહારાજને અને મોટાને મન આર્પી દે તો રાજી થાય.
- પોતાની મરજી છોડી દે તો મહારાજ રાજી થાય.
- બીબડીએ કામ કર્યું નહોતી એને કહ્યું મહારાજ નજર રખીઓ તો મુક્તાનંદ સ્વામી હારે કલ્યાણ કર્યું.
- બાપાએ કહ્યું જાવ તમારો છેલ્લો જન્મ બીજુ કોઈ ન જોયું. કેવળ કૃપા કરી.

**અ.મુ. શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી :-**

- ફળ ઋતુ કાળે આવે છે.
- શ્રોતા અને વક્તા ઉત્કૃષ્ટ હોય ત્યારે ફળ મળે.
- વચનામૃતમાં ગ.પ્ર.-૧, ગ.મ. ૧૩ તથા છે. ૩૯ શિક્ષાપત્રીમાં ૧લો શ્લોક, ૧૧૧મો શ્લોક, ૨૧૨મો શ્લોક મંગલાચરણ છે.
- નાનો છોકરો સંતને પગે લાગે તો તરત હાથ માથે મૂકાય જાય.
- ગ.પ્ર. ૩૫મું વચનામૃતમાં આસુરી બુધ્ધી ન થાય તેનું કારણ ઈર્ષ્યા, ક્રોધ, માન, કપટ આ ચાર વાના ન રાખે તો આસુરી બુધ્ધી ન થાય.
- આપણે ભેગા થઈ મૂર્તિનું સ્મરણ કરીએ છીએ.
- મૂર્તિ એક ક્ષણવાર પણ ભૂલવી નહીં.
- સાધનથી કાંય થાય નહીં.
- ''જેને ઓળખ્યા સંશય કાપી તેને બાપાએ મૂર્તિ આપી.''
- બાપાએ કહ્યું આ સભાની માયાનો ક્ષય.
- આપણે જે કામ કરીએ છીએ તે મહારાજને મોટાના ચરણોમાં સમર્પિત કરીએ છીએ જેથી તેમને જે ઠીક લાગે તે કરશે.
- દેશી ઔષધીને જેમ ઘૂંટી ઘૂટીને બનાવીએ ત્યારે તેમાંથી ચમત્કારી ગુણ પ્રગટે છે. તેમ નિત્ય સ્મરણ કરવું.
- જેમાં ભગવાનનો સંબંધ હોય તે નિર્ગુણ કહેવાય અને જેમાં ભગવાનનો સંબંધ ન હોય તે માયીક કહેવાય.
- મામા કહે છે કે દરેક ક્રિયામાં મહારાજની સ્મૃતિ એક બે સેકન્ડ માટે કરવી.
- સાધન ઉપર તાન ન રાખવું સાધને કરીને સાધ્ય સિધ્ધ કરવું. પછી સાધન મુકવા.



દશ ઈન્દ્રિયોને અગીયારમું મન તેમને પોત પોતાના વિષયમાંથી કાઢીને ભગવાનમાં જોડવા તેને એકાદશીનું વ્રત કર્યુ કહેવાય.

- ભગવાનનો જેને સંબંધ થયો તેના ભાગ્યનો પાર નથી.
- ભગવાનનો સંબંધ એક જન્મના પૂણ્યે થતો નથી અનેક જન્મના પૂણ્યના સંબંધે ભગવાનનો સંબંધ થયો છે.
- આપણને આવો યોગ આવ્યો એટલે આળસ ને પ્રમાદને છોડીને મહારાજની મૂર્તિ પકડવી.
- પ્રાપ્તિમાં હવે અપૂર્ણપણું નહીં માનવાનું.
- બાપા કહે છે હવે મંડી પડો, બાપા કહે હવે આપણે આ મૂર્તિ મૂર્તિ જ કરવાનું છે.
- મુક્તની વાણી આરપાર ઉતારી દે એવી હોય.
- આત્મામાં મૂર્તિ દેખાય તે જ્ઞાનનું ફળ છે.
- આપણને હજુરી મળી ગયા છે તે મૂર્તિ પાસે લઈ જશે.
- અહીં એક એક સંતના નામ લેવાથી પાપ બળીને ભસ્મ થઈ જાય એવા છે.
- ''અમારે તો એક જ વેપાર દેવી મૂર્તિ એજ કરાર...''
- જ્ઞાનયજ્ઞ કરતા કરતા અનાદિમુક્ત જેવું થવાય ત્યારે યજ્ઞની અવધી પૂરી થઈ જાણવી.
- ઈન્દ્રીયોનો નિગ્રહ તથા આત્મનિષ્ઠા હોય તો અતિશે શ્રધ્ધા થાય.
- સર્વ સાધન થકી જ્ઞાન યજ્ઞ કરતા રહેવો.
- કૃપા સાધ્ય બાપા મળ્યા છે. કૃપા સાધ્ય પુરુષો મળ્યા છે.

**<u>અ.મુ. શ્રી પરષોત્તમભાઈ પટેલ :-</u>**

- દુ:ખ આપત્તી આવે ત્યારે ભગવાન તરફ જવાય છે.
- અહીં જે આવે છે તેના સંકલ્પ બંધ થઈ જાય છે.
- મુની સ્વામીએ સ્વતંત્ર થકા મહારાજના ધામમાં ગયા.
- ધ્યાતા, ધ્યેય અને ધ્યાન તેને જાણી રાખવું એવું ગોપાળાનંદ સ્વામી કહે છે.
- સંતોનાં કિર્તનોમાં મહારાજની મૂર્તિના નખથી શિખા સુધી અને શિખાથી નખ સુધીના કિર્તનો હોય છે.
- દેહભાવ છોડીને ધ્યાન કરીએ. ''મારા ચૈતન્યને મુક્ત કરીને શ્રીજીમહારાજે સદા પોતાની મૂર્તિમાં રાખ્યો છે મહારાજ જ છે.'' આ પરભાવનું ધ્યાન છે.
- શુભ અને અશુભ ક્રિયામાં ભગવાનની મૂર્તિ યાદ કરતા રહીએ તો ધ્યાન થાય.
- કાંઈ અધુરુ રહી ગયું હશે તો અંતકાળે પુરુ કરી દઈશું એમ બાપાશ્રી કહે છે. માટે આપણે આપણો પુરુષાર્થ કર્યા કરવો.

**<u>અ.મુ. નારાયણમામાની દિવ્ય વાણી :-</u>**

- આ સભામાં ભગવાન સ્વામિનારાયણ જ્ઞાન ગુરૂ અ.મુ. શ્રી અબજીબાપાએ ભગવાન કેવા છે તે બધુ સમજાવ્યું છે.
- આત્યાંતિક મોક્ષ સમજાવવા માટે બાપાનું પ્રાગટ્ય બાપાશ્રીએ કહ્યું
- નિષ્કામ ધર્મ દ્રઢ કરાવ્યો.
- મહારાજના સુખ ભોક્તા કર્યા.
- મહારાજે કામ બાકી નોતુ રાખ્યું.
- ભગવાન સ્વામિનારાયણમાંથી તમામ વિદ્યાઓ પ્રગટ થઈ છે.
- જ્યારે અનુભૂતિ થાય ત્યારે આ લોકના બધા ચમત્કાર ક્ષુલક લાગે.
- હવે તમારે કોઈનું સ્મરણ કરવાની જરૂર નથી માત્ર સ્વામિનારાયણ નામ સ્મરણ કરવાનું છે.

**<u>અ.મુ. શ્રી મુનીસ્વામીની દિવ્યવાણી :-</u>**

- મૂર્તિમાં રહીને મૂર્તિનું સુખ લેવું તે અનુભવ જ્ઞાન.
- ખોટાને ખોટું કરવું અને સાચાને પણ ખોટુ કરવું. એક મૂર્તિ આકારે વર્તવું.
- અનુભવ જ્ઞાન તે બધાય જ્ઞાનથી પર છે.
- મહારાજની મૂર્તિ તો અખંડ છે અપાર છે.
- સુખ તો અપાર – અપાર છે.
- આજ મહારાજના સુખના ભોક્તા મળ્યા છે.
- અક્ષરધામ તે મહારાજની મૂર્તિનો પ્રકાશ છે.
- અક્ષરકોટી તે બધાય આ મૂર્તિની પ્રાર્થના કરે છે.
- એવા મોટા મુક્ત તમને મળ્યા છે.
- આ મુક્ત તો મહારાજના સંકલ્પરૂપ છે.
- આ મુક્ત સાથે ભાષણ કરો છો, સાથે રહો છો તે કેટલી મોટી પ્રાપ્તિ.
- મૂર્તિમાં સુખના ઢગલે ઢગલા છે. તે તમને અપાવશું.
- મહારાજ અમારુ જરૂર માનશે.
- મહારાજની મૂર્તિનું ધ્યાન (સમુહમાં) ત્યારબાદ મહારાજને થાળ : અ.મુ. શ્રી ઠાકરશી બાપા :- ''જમોને જમાડુ રે જીવન મારા...'' વ્હાલાજી મારા પ્રેમાનંદના સ્વામી છો અંતર્યામી.

**<u>પ્રથમ દિવસ - (બપોરનું સત્ર)</u>**

- ''સ્વામિનારાયણ'' મહામંત્રની ધુન – સમુહમાં
- ''કિર્તન ભક્તિ'' અ.મુ. શ્રી હસમુખભાઈ રણછોડભાઈ પટેલ બાપાશ્રીનું કિર્તન ''અબજીબાપા દેખાય, કૃષ્ણ સરોવર તીરે...''

**<u>અ.મુ. શ્રી શ્વેતવૈકુંઠદાસજી સ્વામી :-</u>**

- ભગવાનનું મહાત્મય આત્મનિષ્ઠા, વિષયમાં વૈરાગ્ય.
- વાસના ટાળવી એ મોટું સાધન છે.
- ભગવાન ને ભગવાનના મુક્તોનો મહીમા સમજે તો વાસના ટળે.
- ભગવાનને ભગવાનના મુક્તોને નિર્દોષ સમજે તો પોતે કુતરા જેવો કામી હોય તો નિષ્કામી થઈ જાય.
- ભગવાન ને ભગવાનના ભક્તની સેવા કરે તો બુધ્ધી નિર્મળ થાય છે.
- ગઢડામાં દાદાખાચરે મહારાજને બધુ અર્પણ કરી દીધું હતું. મહારાજને બીજા કેટલાય મોટા મોટા મળ્યા પણ ત્યાં ન રહ્યા.
- સચ્ચિદાનંદ સ્વામી ગઢપુરમાં ગૃહસ્થમાં હોય છે ત્યારે દર્શન કરવા આવે છે અને જમવા બેસાડ્યા ત્યારે ૨૦ રોટલા જમી ગયા પછી જીવુબા કંટાળી ગયા પછી મહારાજે પ્રસાદી આપી ભૂખની સમાપ્તિ કરાવી દીધી અને પ્રિતિ થઈ ગઈ.
- મહારાજ સસચ્ચિદાનંદ સ્વામીને છોડીને ચાલ્યા ગયા હતા ત્યારે પાછળ દોડતા દોડતા ગયા એવા પ્રેમી હતા.
- ધરમપુરમાં મહારાજ જમે એમના સાથે સચ્ચિદાનંદ સ્વામી જમતા અને ઉલટી કરીને બીરંજ જમ્યા હતા તે બતાવ્યો.
- કૃપાત્ર જીવને સમાધિ થાય છે તેને ભગવાનને ભગવાનના ભક્તનો ગુણ આવે છે તેને સર્વ સાધનની અવધી આવી જાય છે.
- બાપાશ્રી જેવા રાજી થઈ જાય તો વાસના માત્ર નિર્મુળ થઈ જાય.
- એક માજીએ ૪૦૦ રૂ. દાદાખાચરના પટારામાંથી લીધા ત્યારે મહારાજે તેને નેત્રનું તેજ ખેંચી લીધુ ત્યારે મહારાજ પાસે આવીને પગે લાગ્યા અને ૪૦૦ રૂ. પાછા આપ્યા. મહારાજે દાદાખાચરને

સજા કરવાનું કહ્યું પણ દાદાખાચરને ડોસી ઉપર દિવ્યભાવ હતો. ત્યારે મહારાજને કહે મારો એકનો એક દિકરો કોઈ મારી નાખે પણ તેના મોઢામાં સ્વામિનારાયણ નામ હોય તો મને કોઈ દિવસ તેને મારવાનો સંકલ્પ ન થાય. આવા દાદાખાચર હતા.

- મહારાજના ભક્તોની સેવા કરે તો અંતઃકરણ નિર્મળ થાય છે.
- જીવુબા, લાડુબા તળાવની પાળે અખંડાનંદ સ્વામીને ઝાડા થઈ ગયા હતા તે જાણી તે સ્વામી માટે ૧૦૦ રૂપીયા વાળી ૭ ગોદળી રાખી તથા ૨ મહીના તેમણે સેવા કરી. એક વખત રાત્રે ૨ વાગે રોટલો ને તાંદળજાની ભાજી સચ્ચિદાનંદ સ્વામી પાસે મંગાવીને જમાડી અને મહારાજ પાસે પ્રાયશ્ચીત માગી લીધુ તે સંતોની સેવા માટે કરયું એટલે મહારાજ કહે અમે તમારા ઉપર બહુ રાજી છીએ.
- મહારાજના સંકલ્પોથી સત્સંગની વૃધ્ધી થતી હોય છે.
- અડાલજની વાવમાં ૪૦૦ સંતો નાહીને ધરમપુરના કુશળ કુંવરબાઈનો મોક્ષ કરે છે.
- પરમચૈતન્યાનંદ સ્વામીને પ્રેરણા કરી ધરમપુર સત્સંગ કરવા મોકલે છે.
- સ્વામીએ કુશળ કુંવરબાઈને ચરણ સ્પર્શ કરવા ન દીધું તેથી ગુણ આવ્યો અને રાજની બધી સુવીધા આપી.
- બ્રહ્માનંદ સ્વામી ને નિત્યાનંદ સ્વામીના કહેવાથી ધરમપુરથી પાછા ન આવ્યા ત્યારે મુક્તાનંદ સ્વામી જાય છે અને પરમચૈતન્યાનંદ સ્વામીને પાછા લાવે છે પણ મહારાજ ધરમપુર આવે તે શરતે કુશળ કુંવરબાઈ જવા દે છે.

**<u>અ.મુ. શાસ્ત્રી શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી :-</u>**

- ભગવાનના સ્વરૂપનું જ્ઞાન જ્યાં સુધી નથી થતું ત્યાં સુધી જન્મ મરણના ફેરા ટળતા નથી.
- ''ચરિત્ર સર્વે ચિંતવે મૂર્તિ ધારે મન, કાળ માયા કર્મ નો વ્યાપે નહીં વિઘન...''
- મનને ભગવાનના ચિરત્રના જાળામાં ઘૂંચવી નાખવું.
- ભવ દુઃખ ટળે મીટે સર્વે ભ્રમણા...
- મોટા પુરૂષને વિષે જેમ જેમ ગુણ ગ્રહણ કરતા જાય તેમ તેમ પોતાના અવગુણ ટળતા જાય છે.
- આપણે પણ કેટલીય વખત ખોટુ બોલીએ છીએ પણ માફી માગીએ છીએ ખરા? અહીં માફી માગવી જોઈએ.
- મોક્ષનું અસાધારણ સાધન શું છે એમ મુક્તાનંદ સ્વામી પૂછે છે. ત્યારે મહારાજના સ્વરૂપનું જ્ઞાન તે અસાધારણ સાધન છે એમ કહે છે.
- ભગવાનનો આશરો એ મહત્વનું અંગ છે.
- અન્વય સ્વરૂપે મહારાજની દિવ્યશક્તિ બધે વ્યાપેલી છે.
- ''મેરે તો તુમ એક હી એક આધારા...''
- ''હરીજન સાચા રે જે ઉરમાં હિંમત રાખે...''
- બાપા કહે બધુ અહીં છે ને બીજે ગોતવા જાય છે.
- નિર્વિકલ્પ સમાધિ હોય તે પોતાની ઈચ્છાએ ભગવાનના ધામમાં જાય છે.
- ભગવાનનું ધ્યાન કરવું બીજા કોઈનું ધ્યાન ન કરવું.
- દેહાત્મ બુધ્ધીથી ધ્યાન કરે તે અવરભાવનું ધ્યાન છે.
- તલ્લીન તદાકાર થઈ ધ્યાન કરે તે અતિ ઉત્તમ ધ્યાન છે.
- વિષયને દ્રષ્ટાને આકારે વિચાર કેમ કરવો તો વિષયને વિશે દોષ, દુઃખને નાશવંતપણું છે તેમ વિચાર કરવો.
- ભગવાનને વિષે મહાત્મય જ્ઞાને સહિત ભક્તિ કરવી.
- ઈન્દ્રીયોની વૃત્તિ પાછી વાળી ધ્યાન કરવું.
- સ્થુળ દેહમાં વર્તતા હોય ત્યારે સૂક્ષ્મ દેહના ઘાટ કરવા નહીં.
- પોતાને શ્રીજીમહારાજના તેજરૂપ માની ધ્યાન કરવું તે એકાંતિકનું ધ્યાન છે.
- સંતને વચને પરમેશ્વરના સ્વરૂપનું જ્ઞાન થાય ત્યારે મોક્ષ થાય.
- આગ્રહ હોય તો કૃપા થાય.
- કારણ શરીર તે અવ્યક્ત રાગ છે.
- ભગવાનના સ્વરૂપના ધ્યાનથી કારણ શરીર બળે છે.
- ''ગુરૂજીના વચન વિચારી........ સદ્‌ગુરૂ સાચા રે સેવો શુધ્ધ ભાવથી રે.''
- ધ્યાન – સમુહમાં કરવામાં આવ્યું.

**<u>અ.મુ. શ્રી કેશવપ્રિયદાસજીની દિવ્યવાણી :-</u>**

- જોગ કર્યો ક્યારે કહેવાય તો શ્રીજીમહારાજ જોડે એકતા થાય ત્યારે.
- માયીક ભાવ ટળ્યા ન હોય તો ફરી જન્મ લેવો પડે.
- ભગવાનને થાળ : અ.મુ. શ્રી ઠાકરશીભાઈ : ''રૂડી રાંધી મેં રસીયાજી ખાંતે ખીચડી રે...'', ''દયાનંદ કહે દીલમાં...'', ''રસીયા પાન બીડી આરોગો...''

**<u>બીજો દિવસ - (સવારનું સત્ર)</u>**

- ''સ્વામિનારાયણ'' મહામંત્રની ધુન

**<u>સભા સંચાલન - (પુરૂષોત્તમભાઈ)</u>**

- મુનિસ્વામીને દહીંસરા, કેરા, ભારાસર, બળદીયા અને ગુજરાત આદીકના ભક્તોએ ખુબ સેવ્યા.
- મૂળ સંપ્રદાયમાં રહી સંપ્રદાયનો વિકાસ કરવો.
- બોલે નહી ને કામ કરે તે મુનિસ્વામી એવુ મામા કહેતા.

**<u>અ.મુ. શ્રી શ્વેતવૈકુંઠદાસજી સ્વામી :-</u>**

- ગઢડા પ્રથમનું ૬ ૨ મું વચનામૃત વંચાયું.
- ભગવાનના સ્વરૂપનો નિશ્ચય થાય તો ભગવાનના જે કલ્યાણકારી ગુણ તે સંતમાં આવે.
- જેને ભગવાનના સ્વરૂપનો દ્રઢ સબંધ થાય તેનામાં ભગવાનના ગુણ આવે છે.
- મહારાજ અને મુક્ત સત્સંગમાં છે છે અને છે જ.
- જે સ્વામિનારાયણના થાય તેની સ્વામિનારાયણ ખબર રાખે છે.
- મુની સ્વામીએ બાપાશ્રીનો ખુબ રાજીપો પ્રાપ્ત કરેલ અને છતેડી બાપાની રાજીપાનું સ્થાન ને પોતાનું માનતા.
- મુની સ્વામી પાટડીમાં ૩ ૮ વર્ષ રહ્યા પણ વિકાસ છતેડીનો કર્યો.
- જે કોઈ બાપાને મળેલા તેને મુની સ્વામી પોતાના માનતા ને સુખીયા કરતા.
- આજે તારીખ પ્રમાણે મુની સ્વામીની ૫૦મી પુણ્યતિથી છે.
- મુની સ્વામીએ આપણા સત્સંગની મૂડી છે. તેને સાચવજો એવું તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પાટડીમાં કહેલ.
- મુની સ્વામી અને બ્રહ્મચારીએ બાપાની રૂચિ પ્રમાણે સેવા કરી

બાપાશ્રીનો અંતરનો રાજીપો પ્રાપ્ત કરેલ.

- કારણ સત્સંગ ઉપર મુનિ સ્વામીનો ખુબ દાખડો છે.
- આ સ્થાનમાં કોઈ અલ્પ જેટલી સેવા કરે તેને મોટા મહદ્ ગણે છે.
- બાપાશ્રીનું જીવન જ એમનો ઉપદેશ હતો.
- બાપાશ્રી કોઈને કહેવું હોય તો શુધ્ધ સત્વગુણમાં રહી સંતો-ભક્તોને ઉપદેશ કરતા જેથી અંતરમાં હા પડી જતી.
- મુની સ્વામી ઉનાળાના બે મહીના આ છત્રી સ્થાને આવતા.
- મુની સ્વામીને પ્રાર્થના કરીએ તમે જેવી રીતે બાપાશ્રીની સેવા કરી, રુચિ જાણી, સત્સંગની પુષ્ટી કરી તેમ અમે કરીએ.
- બાપાશ્રી પોતે સાદાઈમાં રહેતા ને ભૂજ મંદિરમાં ઘી લઈ જતા.
- નિશ્ચય એટલે શું - મહારાજ અને મોટાના વચનમાં વિશ્વાસ.
- મુનીસ્વામીની વાણી ખુબ બળ ભરેલી છે.
- આપણને ન થવાની પ્રાપ્તિ થઈ ગઈ છે, બસ છકી ન જવું.
- આ સ્થાનની તન-મન-ધનથી સેવા કરીએ.

**<u>દિવ્યવાણી : પ.પૂ. શ્રી નારાયણમામા :-</u>**

- ભગવાન સ્વામિનારાયણ આ ઉત્સવ ઉજવી રહ્યા છે.
- આ સ્થાન નૈમિષારણ્ય ક્ષેત્ર છે.
- મૂર્તિનું સતત અનુસંધાન રહે તેવું કરવું.
- આ સ્થાનને જેને વિકસાવ્યું એવા આપણા વાત્સલ્ય મૂર્તિ લાડીલા મુની સ્વામી જે બોલ્યા વગર કામ કરે એવા સ્વામીને લાખો વંદન કરુ છું.

**<u>અ.મુ. શ્રી કલ્યાણભાઈ :-</u>**

- મુનિસ્વામીને મહારાજના મળેલ કેહેશું? મુનિસ્વામી મારે મન મહારાજના મોકલેલ છે. મળેલા આ બધા બેઠા એ છે. દર્શન કરી લ્યો.
- 'અનાદિમુક્તો અહમ્ સ્વામિનારાયણ દાસોસ્મિ' આ મહાવાક્ય છે.
- વેદનું મહાવાક્ય અહૂમ બ્રહ્માસ્મિનું પેરેલલ વાક્ય મુની સ્વામીએ આપેલ છે. જેમાં અસ્મિનું દાસોસ્મી કર્યું. અહમનું અનાદિમુક્તો અહમ્ અને બ્રહ્મનું સ્વામિનારાયણ. કારણ સત્સગનું મહાવાક્ય આ છે.
- મંત્રનો જાપ, સ્ત્રોતનો પાઠ, કથાનું વાંચન અને મહાવાક્યનું શ્રવણ-મનન-નિદિધ્યાસ કરવાનો છે.
- આ મહાવાક્યમાં ૩ વાત આવી જાય.
    - હું કોણ છું? - તો અનાદિમુક્ત
    - ઈશ્વર કોણ છે? - તો સ્વામિનારાયણ.
    - મારો એ સાથે શું સંબંધ છે? - તો દાસોડસ્મિ.

**<u>સદ્. શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી :-</u>**

- શ્વેત સ્વામીની વાણી ગંગાના એકધારા પ્રવાહની જેમ વહે છે. તેમને તાલીથી વધાવો.
- હું પુજામાં આ મહાવાક્યની એક માળા કરું છું.
- મહીમાને ઓથે સિધ્ધાંત બહાર કંઈ કરીએ ત્યારે મોટા દુઃખાય છે તેનો દોષ લાગે છે.
- મોટા છે તે મોટાનો મહીમા જાણે.
- સભામંડપના નિર્માણ વખતે ગામના લાલજીભાઈએ કહ્યું સ્વામી મારા ૧૦૦૦ લખો ત્યારે સ્વામી કહે ૪૦૦ બહુ છે. ''દયા રહી છે જેના દિલમાં નથી ઘટમાં ઘાટ'' એવા સ્વામી હતા.
- આ સભા સર્વે અક્ષરધામની છે ને મૂર્તિમાં રહેનારાની છે. અનાદીમુક્તની છે. આવુ ભાસે ત્યારે જાણવું દિવ્યભાવ પ્રગટ્યો છે.
- ગ.મ. ૪૮ વચનામૃતની વાત કરી. જેને ભગવાનનો મહિમા હોય તેને જ ભગવાનનું અખંડ ચિંતવન થાય છે.
- કિર્તન : મોટો મહીમા રે, જગમાં હરીજનનો...
- જગતમાં સારમાં સારુ શું? તો સંત સમાગમ. જેનો સમાગમ કરવાથી ભગવાનમાં પ્રિતી વધે.
- એવા સંત સદા શુભ મતિ, જેમાં દોષ નહી જક્ત રતિ,
- મુની સ્વામીએ શિક્ષાપત્રી રહસ્યાર્થમાં વેદ-પુરાણના વાક્યો ટાંક્યા છે.
- પુરૂષોત્તમ પ્રકાશ - ૪૨ માં સંત કેવા હોય તે બતાવ્યું છે.
- ઉપદેશ ત્રણ રીતે અપાય છે.

    (૧) પિતૃવત,(કરુણા) (૨) માતૃવત,(વાત્સલ્ય) (૩) પ્રિયાવત (પ્રેમ)

- મોટા પોતાના જીવનથી ઉપદેશ આપતા.
- વૃન્દાવનસ્વામીના શિષ્ય હરિજીવનદાસજી (સરસપુર)ના જીવન પ્રસંગોની વાતો કરી.
- બાપાશ્રી કહેતા આ મુની સ્વામી અમારા માટે બધું છોડીને આ સ્થાને રહ્યા છે તેને સેવજો.
- સંત સાથે આ ન રાખવું (૧) ક્રોધ, (૨) માન, (૩) ઈર્ષા, (૪) કપટ.
- ગ.મ. ૧ - અનન્યભક્ત કોને કહેવાય. તેની વાત કરી.
- અનંત જન્મના પુણ્ય ઉદય થયા હોય ત્યારે મુની સ્વામી જેવા સંત મળે તેવા સંત મળવા દુર્લભ - ઓળખવા દુર્લભ - અનુવૃત્તિમાં રહેવું દુર્લભ.
- સદ્ગુરૂ સંતોના આપણે વારસદાર છીએ, આવુ મળવું મોંઘું છે.
- મુની સ્વામીની આજે ભાવ વંદના કરીશું (તારીખ પ્રમાણે સુવર્ણ સ્મૃતિ દિન)
- બાપાશ્રી કહેતા સિધ્ધાંતની પ્રવૃત્તિ થવી જોઈએ.
- કિર્તન શીખે તેના પર મહારાજ રાજી થાય છે અને મોજ આપે છે.
- પરભાવને નજર રાખી અવરભાવની ક્રિયા કરવી.
- જેનુ મન ભગવાનને વિષે આસક્ત થયું તેનું મન વિષયને દેખીને ટાઢુ-ઉનું થાતું નથી. (ગ.મ. ૨૩)
- મુની સ્વામી કહેતા જેવુ છપૈયા, જેવું ગઢડા એવુ જ આ છત્રી સ્થાન છે.
- પરમ ભાગવત સંત મુની સ્વામી છે.
- મહિમાને જીવંત રાખવો હોય તો ઈતિહાસોની વાત થવી જોઈએ.
- જે ઈતિહાસને ભુલી જશે તેનો ઈતિહાસ નહી રહે.
- જ્યાં સત્ય હોય ત્યાં દિવ્ય સભા કહેવાય.
- અનેક જન્મના પુણ્ય ઉદ્ય થાય ત્યારે આવો જોગ મળે છે.

    ''બાહ્ય ઝાલીને કાઢી લીધી બારણે રે, નહી તો વહીજાત ક્યાંની ક્યાંય અલબેલે. જાઉ ધર્મકુંવરને વારણે રે લોલ...''

- મોટાને હેતે કરી સંભારીએ તો દૂર નથી.
- એવા નિષ્ઠાવાળા સંતની રજ તો અમે માથે ચડાવીએ છીએ તેને

દુઃખવતા ડરીએ છીએ. એમ શ્રીજીમહારાજ કહે છે.

- ૩૦ મિનિટનું ધ્યાન ''અનાદિ મુક્તોડહં સ્વામિનારાયણ દાસોડસ્મિ'' મંત્ર પર કરવામાં આવ્યું.
- મુની સ્વામીની અમૃતવાણી સાંભળી તેમની ૫૦મી સ્મૃતિ પ્રસંગે તેમનું પૂજન કર્યું.

**<u>બીજો દિવસ - (બપોરનું સત્ર)</u>**

- ''સ્વામિનારાયણ'' મહામંત્રની ધુન : શ્રી હસમુખભાઈ તથા વિજયભાઈ
- સમુહ પ્રાર્થના : શ્રી હરિ અક્ષરધામમાં બિરાજે...

**<u>અ.મુ. સદ્. શ્વેતવૈકુંઠદાસજી સ્વામી :-</u>**

**<u>વચનામૃત તથા બાપાશ્રીની વાતો :-</u>**

- ગ.પ્ર. ૬૫
- ભગવાનને વિષે જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ અને ઈચ્છાશક્તિ તે રહી છે એમ શ્રીજીમહારાજે કૃપા કરી ઉત્તર કર્યો.
- જીવ ભગવાનની ક્રિયા શક્તિને અવલંબે ક્રિયા કરે છે.
- જીવ ભગવાનની જ્ઞાન શક્તિને અવલંબે જ્ઞાન પામે છે.
- જીવ ભગવાનની ઈચ્છા શક્તિને અવલંબે ઈચ્છા થાય છે.
- જીવ જે જે કર્મ કરે છે તેના ફળને ભોગવાવનારા ભગવાન છે.
- સારા દેશાદીકમાં રહેવું.
- જે પ્રકૃતિના કાર્યમાં કુટાય તેને મૂર્તિ ન મળે.
- ગોડપરના મંદિરમાં બાપાશ્રીએ મઠની ખીચડી જમતા હતાં ત્યારે ધ.ધુ. આચાર્ય પુરૂષોત્તમપ્રસાદજી મહારાજે મઠની ખીચડી માગી જે કોઠે ન પડી ત્યારે બાપાશ્રી કહે જો નિત્ય જમે તો કોઠે પડે.
- ભગવાનના ભક્ત ઉપર કાળ, કર્મ અને માયાનો હુકમ નથી.
- મુક્ત તો મૂર્તિમાં રહી બોલે છે.
- ગૃહસ્થનો પણ મહિમા કિધો છે. કેમ જે તેનાથી સંતની સેવા થાય છે.
- સંત મહીમા કોનો કીધો છે. તો ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી... જેવા સંતોનો કહ્યો છે.
- મોટાને વિષે જીવ જોડે તો જીવ પાત્ર જલ્દી થાય છે.
- મૂર્તિનું સુખ તો મોટા સાથે જોડાઈએ તો જ આવે છે.
- આપણા અહો ભાગ્ય છે જે મૂર્તિમાં રહેલા મુક્તોમાં આપણને પ્રતિતિ આવી.
- મહામુક્તને આવરણ ભેદયાની ગતિ છે.
- સત્સંગમાં જુદા જુદા અંગવાળા ભક્તો છે તેને દિવ્ય જાણી સેવા કરવી.
- કારણ સત્સંગમાં મોટા મુક્તના મહિમા અને જ્ઞાનનું અંગ છે.
- બાપાશ્રીના બાગમાં ઉંચી સ્થિતિવાળા મુક્તો છે.
- મુનીસ્વામીએ બાપાશ્રીની પ્રસન્નતા માટે સત્સંગનું પોષણ કર્યું છે.
- આ સ્થાનમાં નારાયણમામા ખુબ આવતા અને લાભ આપતા.
- નારાયણમામાને અંતરવૃત્તિનું અંગ છતાય છત્રી સ્થાને પોતે અવશ્ય આવતા.
- મુક્તોએ આપણને પોતાના માન્યા એ આપણા અહોભાગ્ય છે.
- ભગવાનના ભક્તથી મન બેપરવાઈ ન થવા દેવું.
- મુનીસ્વામીની અમૃતવાણીમાં કહ્યુ છે જે આપણું મન ભગવાનના ભક્તથી નોખુ થઈ ન જાય તેની સાવધાની રાખવી.
- જાદવજીબાપાએ ગોવિંદભાઈને આશીર્વાદ આપેલા છે. જેથી સંસ્થાની સારી રીતે સેવા કરે છે.
- જે સારુ કાર્ય કરે તેને સાથ આપવો.
- અંતમાં સ્વામીએ સભાને પ્રાર્થના કરવાનું કહ્યું જે બધાને વિષે દિવ્યભાવ રહે.

**<u>શ્રી બી.કે. ડુંગરાણી (સભા સંચાલન) :-</u>**

- બધા મુક્તોમાં રહી મહારાજ બોલે છે.
- આ શિબિરની વિશેષતા જેમાં સંતોની મુખે જ્ઞાન-ધ્યાન-ઉપાસનાની વાતોનો લાભ મળે છે.

**<u>દિવ્યવાણી : અ.મુ. શ્રી જાદવજીબાપા :-</u>**

- ભગવાનને વિષે દાસભાવે (પ્રેમભાવે) જોડાવવું.
- દેહના સગા સાથે જેવી પ્રિતી છે. તેવી આત્માના સગા કોણ મહારાજ અને મુક્તને વિષે આપોપુ કરવું.
- આપોપુ એટલે હેત કરવું.
- પોતે પોતાનું વિચારવું જે હું શું કરી રહ્યો છું.
- જે અક્ષરધામમાં અનંતમુક્તોને સુખ આપે છે તે પોતાની સામર્થી છુપાવી મનુષ્ય જેવા થઈ આપણને સુખ આપે છે.
- તેવા ભગવાનના એક રોમમાં અનંતકોટી બ્રહ્માંડ રહ્યા છે.
- મહારાજે વનવિચરણ બધાને મુક્ત કરવા માટે કર્યું છે.

**<u>કિર્તન : શ્રી જશુભાઈ ઠક્કર</u>**

- કિનખાપની ડગલી પહેરી રે સહજાનંદ સ્વામી.... મંજુકેશાનંદ સ્વામી

**<u>અ.મુ. સદ્. શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી :-</u>**

- જ્ઞાન એટલે જેને હરિ મૂર્તિનું જ્ઞાન છે તે.
- ભગવાનનો જેવો છે તેવો મહિમા કોઈ કહી શક્યું નથી.
- વચનામૃતમાં મહિમાના દ્રષ્ટાંત ઉધ્ધવજીને કહ્યા. જે ગોપીઓના ચરણની રજની ઈચ્છા કરી અને કહ્યું જે આ ગામડામાં રહેનારી ભગવાનને પામી ગઈ માટે મને વૃક્ષ વેલીનો અવતાર આપજો.
- મોટા પુરૂષને જેવા છે તેવા ન ઓળખે તે અજ્ઞાન છે.
- બિનુ હરિ કૃપા મિલે નહી સંતા.
- બિનુ સત્સંગ વિવેક ન હોઈ.
- હરિકૃપા બિન સુલભ ન સોઈ.
- ભગવાને મનુષ્યના સુખ માટે આ સૃષ્ટિની કેવી સુંદર રચના કરી એ મોટો ચમત્કાર છે.
- શરીર મોક્ષ મેળવવા માટે ભગવાને આપેલું છે.
- જેને મૂર્તિનો સાક્ષાત્કાર થયો હોય તેને કોઈના દોષ દેખાતા નથી.
- આ સંસ્થા સંપ્રદાયના સિધ્ધાંત સાથે જોડાયેલ છે જુદી નથી.
- ઉપશમ કરતા પણ આત્મનિષ્ઠા અધિક છે. જેમાં આદી આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ ચાદર ઓઢી પૂજા કરતા હતા તેમાં વિંછીએ ડંખ માર્યા છતાં પૂજામાંથી વિચલીત થયા નહીં. તે પ્રસંગની વાત કરી.
- આત્મનિષ્ઠા કરતા ભગવાનની અખંડવૃત્તિ અધિક કહી.
- મૂર્તિનો આનંદ કેટલો મળે છે તેનો નામા-મેળ કરવો.
- અવરભાવે ભલે બધો વ્યવહાર કરીએ છતાંય પણ પરભાવ સામી દૃષ્ટિ રાખવી.

- આજ પ્રતિમારૂપે સાક્ષાત મહારાજ છે તેથી બાપાશ્રી કહે આ અક્ષરધામની સભા છે.
- ગ.પ્ર. ૪૦ વચનામૃતની વાત કરી. (ચાર પ્રકારની નિષ્ઠા)
- નવ પ્રકારે ભગવાનની સેવા-ભક્તિ કરવી. પણ પતિવ્રતાના ભાવે સેવા કરવી. ભગવાન સદા સાકાર છે, બ્રહ્મરૂપ થયા પછી પણ ભગવાનની ભક્તિ કરવી.
- ''હમ તો એક સહજાનંદ સહજાનંદ ગાવે...''
- ભગવાનનો ભક્ત જે નિયમથી આડોઆવળો થાય છે ત્યારે કલેશને પામે છે.
- અંતરમાં ટાઢુ ન રહે ને ધગી ન જવાય તેના બે ઉપાય –
  (૧) ભગવાનનું ભજન કરવું.
  (૨) ભગવાનને સર્વકર્તા હર્તા સમજવા (જે દુઃખ આવે તે ભોગવી લેવું.)
- ''દાસના દુશ્મન હરિ કદી હોય નહી.''
- ભગવાન પ્રગટ છે. મૂળીમાં છગનભાઈ જવેરી પાસે તોડા માંગી લીધા હતાં.
- સત્સંગમાં સત્સંગ ઓળખવો, શ્રીજીમહારાજ જેવા બીજા કોઈ નહી, જેવા ધામમાં છે તેવા જ અહીં દર્શન દે છે અને તેમના મુક્ત પણ જેવા ધામમાં છે તેવા અહી દર્શન દે છે.
- બાપાશ્રી કહે આપણે તો મહારાજ, મુક્ત અને ધામ આ ત્રણનું કામ.
- કિર્તન : છેલ છોગાળો રે, મીઠી મોરલીવાળો... ગાયું.
- સેવા કરતા મૂર્તિ ભુલાય નહી એવો આગ્રહ રાખવો.
- મૂર્તિ વિના બીજુ કાંઈ નજરમાં ન આવે એવું કરવું.
- સતપુરૂષના જોગથી બહુ સુખીયા થવાય છે.
- કોઈપણ અધુરાપણાનો (અપૂર્ણપણાનો) સંકલ્પ કરવો નહી.
- ''જે સુખને ભવ-બ્રહ્મા ઈચ્છે... તેરે શામળીયોજી મુજને રે પ્રિછે... જેરામ બ્રહ્મચારી...''
- આ મુક્તની દૃષ્ટિ જેના પર પડે છે તેને શ્રીજીમહારાજની મૂર્તિમાં લઈ જાય છે.
- જે અમારા થઈને અનુવૃત્તિમાં રહ્યા છે તેને મૂર્તિમાં લઈ જવા તેમા શું કહેવું ?
- દર્શન કરી મૂર્તિનો ફોટો હૃદયમાં પાડી લો પછી ફોટાની જરૂર રહેતી નથી. (કરાંચીનો પ્રસંગ)
- મોટાનો જોગ એ મહામંત્ર છે.
- મૂર્તિના તેજરૂપ થઈ મૂર્તિ ધારવી તો દોષ માત્ર ટળી જાય ને એક મૂર્તિ જ રહે.

<u>**સભા સંચાલન : શ્રી બી.કે. ડુંગરાણી :-**</u>

- મોટા મુક્તની વાણી કોઈ દિવસ નહી ફરે.
- જ્યાં આનંદ ન હોય ત્યાં આધ્યાત્મ ન હોય.
- પ્રત્યક્ષપણે મુક્તો આપણને અનુભવ વાણીની વાતો કરે છે.

<u>**અ.મુ. શ્રી નારાયણમામાની દિવ્યવાણી :-**</u>

- બાપાશ્રી ભગવાનના સંકલ્પથી માનવમાત્રના કલ્યાણ માટે પ્રગટ થયાં.
- બાપાશ્રીએ બાળપણમાં બાલચરીત્રો દ્વારા બધી જ રમતોમાં પ્રથમ આવવાનું કારણ બતાવ્યું આપણે ભગવાનને સાથે (ભેળા) રાખીએ તો <u>પ્રથમ</u> જ આવીએ.
- બાપાશ્રી શ્રમજીવીનું કામ કરી ઉપદેશ આપ્યો કોઈ કામ હલકુ નથી.
- ભગવાનની દિવ્યવાણી અનુસાર આપણું દિવ્ય જીવન બને તેમના પર ભાર મુક્યો.
- અનાદિમુક્તનો અર્થ થાય – હું પહેલા આમ હતો ને પછી આમ થયો, તેમ નહી પણ હું તો પુરૂષોત્તમરૂપ જ છું તે દિવ્યસ્થિતિને પામવા ભગવાનની આજ્ઞારૂપ થઈ ભગવાનના સ્વરૂપ સાથે જોડાવવાથી જ અનાદિમુક્તની સ્થિતિ થાય છે.

<u>**ધ્યાન (મુની સ્વામીકૃત મહાવાક્ય મંત્ર) :-**</u>

- ''અનાદિમુક્ત અહમ સ્વામિનારાયણ દાસોસ્મિ ''મહાવાક્ય પર ધ્યાન.''

<u>**અ.મુ. મુની સ્વામીની દિવ્યવાણી :-**</u>

- આ લોકમાંથી નિર્વાસનીક થઈ ઈશ્વરકોટી, બ્રહ્મકોટીમાં વૃત્તિ ન રહે ને ભગવાનની મૂર્તિમાં વૃત્તિ રહે તે એકાંતિક થયો.
- જ્યાં સુધી મૂર્તિ તેજોમય ન દેખાય ત્યાં સુધી સાધનદશા છે.
- જ્યારે મૂર્તિ તેજોમય દેખાય ત્યારે સિદ્ધ ગણાય.

<u>**થાળ : (ઠાકરશી બાપા) :-**</u>

- રૂડી રાંધી મેં રસિયાજી ખાંતે ખીચડી રે... સાથે માનસી પૂજા કરવામાં આવી.

<u>**ત્રીજો દિવસ - (સવારનું સત્ર)**</u>

<u>**ધ્યાન**</u>

<u>**સદ્. શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી :-**</u>

- ગ.મ. ૬ ઠ્ઠું વચનામૃત વંચાયું.
- ''એમા લખાવ્યા છે એવા મુદ્દા, મૂળ અક્ષરથી પુરૂષોત્તમ જુદા.''
- મહારાજ કહે ચોખી સમજણ સુખદાઈ છે.
- જેનો જીવ અતિશે બળ ને પામ્યો હોય તેની અંતઃકરણની વૃત્તિઓ એ જ જીવની વૃત્તિ છે પણ ક્રિયાએ કરી તેના ચાર વિભાગ છે.
- અંતકરણ અને જીવમાં જાણપણું તો જીવનું જ છે.
- જેનો જીવ અતિશે બળને પામ્યો હોય તેને ભૂંડું સ્વપ્ન પણ આવે નહીં.
- સત્તારૂપ રહેતા થકા જીવ બળને પામે.
- જેને ભગવાન અને સંતની સેવાને વિષે અતિશે શ્રધ્ધા હોય અને નવધા ભક્તિએ યુક્ત હોય તેનો જીવ અતિશે બળને પામે છે.
- સાંખ્ય તે શું? આત્મા ભેળે રહેવું પણ ઈન્દ્રિયો અંતકરણથી જુદા રહેવુ તે. મૂર્તિમાં જોડાઈ જવું તે યોગ.
- ઈન્દ્રિયો, અંતઃકરણને ભગવાનની સેવામાં જોડી દેવા.
- મોટામાં મોટું તપ અને ત્યાગ શું – ઈન્દ્રિયો, અંતરણને મનગમતું આપવું નહી અને ભગવાનનો સંબંધ ગમે તેમ કરીને કરાવવો.
- હે જીવ તારે સુખી થવુ હોય તો ''કર પ્રભું સંઘાથે દ્રઢ પ્રિતડી રે...''
- સેવા કોઈ માને-વખાણે તો નહી પણ મહીમાથી કરવી.
- ભગવાનના દૃઢ ભક્ત તે તો કેવળ બ્રહ્મની મૂર્તિ છે. તેને વિષે મનુષ્યભાવ ક્યારેય લાવવો નહીં.
- અંતકાળે ભગવાન અને સંતના દર્શન થાય છે ત્યારે દેહની વિસ્મૃતિ થઈ જાય છે અને માખણમાંથી મુવાળો કાઢીએ તેટલામાં જીવની ગતિ

થાય છે અને જગતના જીવને યમદૂતો જીવને દેહમાંથી જુદો પાડે છે અને હાય-વોય કરતો જાય છે માટે આશરો અતિ મહત્ત્વનો છે.

- જેને ભગવાન અને ભક્ત સાથે આંટી પડી જાય તે અમને ગમતો નથી.
- પંચમહાપાપ કરનારાનો છુટકો થાય પણ ભક્તના દ્રોહ કરનારાનો છૂટકો થતો નથી.
- જેને પોતાનો જીવ બળિયો કરવો હોય તેને મન-કર્મ-વચને ભગવાન અને ભગવાનના ભક્તને સેવવા.

**સદ્. શ્વેતવૈકુંઠદાસજી સ્વામી :-**

- ગઢડા પ્રથમનું ૭૦મું વચનામૃત વાંચ્યું.
- ભગવાનના શબ્દો જીવમાં પડે ત્યારે વિષયની નિવૃત્તિ થાય છે.
- મોટા મુક્તની વાણી પણ જીવને ટાઢક આપે છે.
- મહારાજને મળેલાનો સમાગમ કરે તો અંતઃકરણ ટાઢું થાય.
- સંતોએ રજોગુણ ન રાખવો.
- ભગવાનના ભક્તોએ સત્સંગનો યોગ સદા રાખવો.
- મોટામુક્ત ક્યારેય રીધ્ધી-સીધ્ધી ગ્રહણ કરતા નથી.
- સદ્. નિર્ગુણદાસજી કચ્છમાં આવે ત્યારે સાકરના ગાડા ભરાઈ જાય પણ તે ગ્રહણ ન કરતા પણ કોઠારમાં આપી દેતા.
- અજમેરા પરીવારે બાપાને ૧૦,૦૦૦ રૂપિયા આપ્યા ત્યારે બાપાશ્રીએ ૨૦૦ રૂપિયા રાખ્યા બીજા પાછા આપ્યા.
- કાનમ દેશમાં સંતોને ગામડે સત્સંગ કરાવવા મોકલતા ત્યારે સંતો ઝોળી માગી આવેલ લોટની બાટી બનાવી મહારાજે જમી અને લોટ આપનારનું રાંકપણું મટાડ્યું.
- અમદાવાદ નરનારાયણદેવની પ્રતિષ્ઠા બાદ બ્રાહ્મણોની ચોરાશી કરવા આનંદાનંદ સ્વામીને કહ્યું, કોઠારમાં કેટલા રૂપિયા છે. સ્વામી કહે, જે હતા તે વપરાઈ ગયા છે સ્વામીએ ધનાઢય લાલદાસગોરાને બોલાવી ૨૦૦૦ રૂપિયા (ઉછીના) માંગી ખુબ મોટી ચોરાસી કરી. પછી મહારાજને જે ભેટ આવી તેમાંથી લાલદાસગોરાને ૨૦૦૦ અને એક ભૂદેવને આઠ આની આપી. ગણેશ ધોળકાની રાણ્યમાં ગયા. જે એમ સુચવે છે કે સત્સંગની પ્રવૃત્તિ કરવી પણ ભગવાનને ભૂલીને ન કરવી એવી મહારાજની અને મોટાની રુચિ છે.

**દિવ્યવાણી - અ.મુ. જાદવજીબાપા :-**

- આજ મહારાજ પ્રતિમારૂપે દર્શન દે છે. તો દિવ્યભાવ રાખવો.
- મહારાજને મોટા દિવ્ય છે.
- દેહના ભાવો મારે નથી, આવી સમજણ થાય ત્યારે દેહ મુક્યો ગણાય.
- લાખ જન્મે પણ દિવ્યભાવની દ્રઢતા વિના દેહભાવ ટળતો નથી અને સુખિયા થવાતું નથી.
- સુખ મહારાજ પાસે જ છે.
- સંતોષ રાખે તે સુખિયા.
- સમજણ સાચી થાય ત્યારે બધા કજિયા મટી જાય.
- હું અને મારું જ કજિયા કરાવે છે.
- આ જગત તો છે જ નહી, હું મહારાજ ભેળો જ છું આવી સમજણ દ્રઢ કરવી.
- મહારાજ ક્યાં નથી? બધે છે? એક એક રજના કોટાનકોટી કટકા કરીએ તો પણ તેમાં મહારાજ છે.
- વર્તન વખણાય છે, વાતુ ન વખણાય.
- મહિમાની ઓથે આજ્ઞા લોપ ન કરવી.

**અ.મુ. શ્રી સોમચંદબાપાની દિવ્યવાણી :-**

- શ્રીજીમહારાજ દુઃખીયાના દુઃખ ભાંગી સુખીયા કરનારા છે.
- શ્રીજીમહારાજનો મહિમા કહેવા કોઈ સમર્થ નથી.
- મૂર્તિ આકારે વૃત્તિ કરવી.
- જીવ બીજા દાખડા ઘણા કરે છે પણ મૂર્તિ પકડતો નથી.

**અ.મુ. શ્રી રવજીભાઈ (કેરા) :-**

- આ મુની સ્વામીના સભામંડપમાં બેસવા મળ્યું છે.
- આ સભામંડપ બનાવ્યો ત્યારે મારી હાજરી હતી. હું ૧૪ વર્ષનો હતો.
- મુની સ્વામીએ આશીર્વાદ આપ્યા. હું આ સભામંડપ પૂર્ણ થાય પછી ધામમાં જઈશ. પછી કથા પૂર્ણ કરાવી ૧૨ વાગે પોતાના રૂમમાં ધામમાં ગયાં. તેની બધે જાણ કરી. ત્યારે બીજા દિવસે કાલુપુર મંદિરથી બસ લઈ ૪૦ સંતો દર્શને આવ્યા.
- મુની સ્વામી વચનસિધ્ધ સંત હતા.
- મુની સ્વામીના હાથનું પાણી / જમણવાર જમ્યા છે તેનો પાવર અમારામાં છે. તેથી અમારો જીવ અહીંયા રહે છે.
- આ અક્ષરધામની સભા છે, કૃપા કરી બેસાડી દીધા છે.

**અ.મુ. સદ્. શાસ્ત્રી શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી :-**

- મુની સ્વામીએ આ સ્થાનને સમર્પિત ભાવથી જતન કર્યું છે.
- અમદાવાદ, મૂળી, ભુજના સંતો એકબીજા સંતોનો મહિમા કહેતા.
- આપણી પણ ફરજ છે કે ત્યાગી-ગૃહસ્થ ભક્તોને યાદ કરવા.
- જેને ભગવાન સિવાય બીજુ વ્હાલુ નથી તેને ઉપસવાની ઈચ્છા રહેતી નથી.
- મૂર્તિના સંગ-પ્રસંગથી નિર્ગુણ થવાય છે.
- ભગવાનની સાથે અખંડ સબંધ (શિક્ષાપત્રી-૫૬) રાખવો ઠાકોરજીને જળ-પત્ર-પુષ્પ-ફળ ધરાવવા.
- મામા કહે છે, ક્રિયા કરતા પહેલા એક સેકન્ડ મૂર્તિને સંભારવી.
- વડતાલ સમૈયામાં સેવા કરી રઘુવીરજી મહારાજ અને ગોપાળાનંદ સ્વામીનો રાજીપો મેળવનાર ટીંબીના વીરા સાખડની વાત કરી.
- સાચા સુરારે જેના વેરી ઘાવ વખાણે બ્રહ્માનંદ કહે રે એવા હરિજન અમને ભાવે.
- જે મૂર્તિના પ્રતાપથી નિર્ગુણ નક્કી થવાય તે મૂર્તિ મુખોનમુખ થઈ માટે થયા રોકડા કલ્યાણ.
- ગ.પ્ર. ૨૪ ટીકામાં પ્રકૃતિ પુરૂષથી પરનુ જ્ઞાન કેમ સમજવું અને કેમ જાણવું ત્યારે બાપાશ્રી કહે શ્રીજીમહારાજ જીવકોટી... બધાથી પર કર્તા-નિર્લેપ-અસંગી-નિર્વિકાર ને બધાથી જુદા જાણે ને પોતાના ધામના મુક્તોને સુખદાત્તા જાણે ને મહારાજને સર્વ સુખ મૂર્તિ જાણે તેને જ્ઞાન કહેવાય.
- ભગવાનની મૂર્તિ સિવાય બીજે કયાંય સુખ નથી.

  ''સુખ સાગર હરિવર સંગે સુખ માણજો,
  અતિઘણી મહેર કરી છે શ્રી મહારાજ જો...
  પુરૂષોત્તમ સાથે પુરણ સગપણ કર્યું,

આપણ તુલ્ય નહી બીજુ કોઈ આજ જો...''

- ભગવાન કોઈને દુઃખ આપતા નથી પણ દુઃખ આજ્ઞા લોપથી આવ્યું છે.
- મૂર્તિમાં નિમગ્ન રહેવાય તેને સ્થિતિ જાણવી.
- સ્થિતિ કરવી હોય તો પુરૂષ પ્રયત્ન કરવો જ પડે.
- સર્વ ક્રિયાના કર્તા થકા ભગવાનને અકર્તા જાણવા.
- જડને ચૈતન્ય કરી દે તે અન્યથાકર્તાપણું છે.

દૃષ્ટાંત : વડતાલ મંદિરમાં સલાટ જે પથ્થરની મૂર્તિઓ મહારાજે નેતરની સોટીઓ અડાડીને મૂર્તિઓ નાચવા લાગી ને વાજીંત્રો વગાડવા લાગી.

- મેઉના ભુખણ ભાવસારનાં ઘરે જન્મેલ રૂંઢ મુઢ બાળકને અંગતાણી સરખો કર્યો.
- મનુષ્ય જેવા જણાતા ભગવાન દિવ્ય છે.
- આજે દુર્લભ એવા મહારાજ સુલભ થયા.
- ગઢડા પ્રથમ - ૧૫માં કહ્યો તેવો મહિમા રહે તો નવી નવી શ્રધ્ધા રહે.
- લોયા ૯માં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિના ફળની વાત કરી. જ્ઞાન કેવુ તો શ્રીજીમહારાજને સર્વત્ર વ્યાપક, નિર્વિકારી જાણવા. પોતાના આત્માને શ્રીજીમહારાજના તેજરૂપ જાણવું તે જ્ઞાનનું સ્વરૂપ જાણવું.
- હું સાધનથી અનાદિમુક્ત થયો નથી. પણ કૃપાથી મને અનાદિમુક્ત બનાવી દીધો છે. એ જ્ઞાનનું સ્વરૂપ છે.
- મૂર્તિના સુખમાં નિમગ્ન રહેવું તે જ્ઞાનનું ફળ છે.
- શ્રીજી મહારાજની મૂર્તિમાં રહી મૂર્તિનું સુખ લેવું તે અનાદિમુક્તનું ધ્યાન (સ્થિતિ) છે.
- ગ.મ. ૪૯ - પ્રતિમા સ્વામી છે. સંત સેવક છે. પ્રતિમાથી સંત અધિક નથી. સંત જ્ઞાન સમજવા માટે છે.
- સભામાં મોટા સંતને ભોંઠા ન પાડવા.
- શ્રીજીમહારાજ મુક્તના સ્વામી છે ને મુક્ત દાસ છે. માટે મુક્તનું ધ્યાન થાય નહીં. એ મુક્તને પ્રત્યક્ષ ભગવાન કહેવાય નહીં શ્રીજીમહારાજ સિવાય કોઈનું ધ્યાન કરવું નહીં.
- આ વચનામૃત રહસ્યાર્થ ગ્રંથનો સ્પર્શ, દર્શન, શ્રવણ કરશે તે કૃપાનો પાત્ર થશે.
- અમારા ભક્તોએ અમારા તેજ સાથે એકતા કરી (તે રૂપ થઈ) અમારી ઉપાસના કરવી.
- ''રટે બ્રહ્મ થઈ પરબ્રહ્મને રે.'' બ્રહ્માનંદ સ્વામી.
- પ્રગટ પુરૂષોત્તમને જે જે મળે, તેનો મહિમા ભવ-બ્રહ્માદીક ગાયજો, સુખસાગર હરિવર સંગે સુખ જાણજો.
- સાચા પ્રેમી ભક્ત ભગવાનની કથામૃત અધિક ને અદિક પીધા કરે કદી તેનો (કથાનો) અભાવ નથી.
- દહીં મહારાજના થાળમાં અવશ્ય મુકવું, ઠાકરશીબાપા અવશ્ય થાળમાં દહી મુકે છે.
- હર્ષદ ભગત (સરસપુર) હરિજીવન સ્વામીની સેવા કરતા તેથી માસીબા તથા નારાયણમામા અવશ્ય કોઈ સારી વસ્તુ ભગતને ભાવથી મોકલાવતા.

**<u>બી.કે. ડુંગરાણી :-</u>**

- ભક્તચિંતામણીમાં ભગવાનના ગામો ગામના ભક્તોના નામ લખ્યા તે કોઈ સાંભળે તો શાંતિ શાંતિ થાય કેમ જે શ્રીજીમહારાજે તેમના નામ પ્રમાણિત કર્યા છે.
- કોઈપણ રેફરન્સ વગરની વાત ન કરવી.
- અમુલ્ય મુક્તોનો વારસો જન જન સુધી પહોચાડવાની જવાબદારી આપણી છે.

**<u>અ.મુ. શ્રી નારાયણમામાની દિવ્ય અમૃતવાણી :-</u>**

- મહારાજના સ્વરૂપમાં રસબસ જોડાઈ જાય તે અનાદિમુક્ત.
- બાપાશ્રીએ આ સ્થિતિના અધિકારી અનેકને બનાવી દીધાં.
- અનુસંધાનનો અર્થ ભગવાનને અંતરયામી જાણવા.
- હું જે ક્રિયા કરું તે ભગવાનને ગમશે કે કેમ? તેનું અનુસંધાન રાખવું.
- આવા પ્રસંગે બધુ માન મુકી ને આપણને ઉંચું આસન કે નીચું આસન મળે છતાંય મહારાજે મૂર્તિમાં રાખ્યા છે.
- સચ્ચિદાનંદ સ્વામી પર્વતભાઈના નળિયાનું ધ્યાન કરવા ગયા તે વાત કરી.

**<u>અ.મુ. સદ્. શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી :-</u>**

- ભગવાનને સાકાર ને કર્તા ન જાણે તે ભગવાનનો દ્રોહી છે.
- આંત્યતિક પ્રલયમાં પણ ભગવાન - ભક્ત (મુક્ત) સદાય રહે છે.
- આવા ભક્ત અર્ચી માર્ગે ભગવાનના ધામને પામે છે.

**<u>થાળ :-</u>**

- પીત્તાંબર બાપાએ જમો થાળ જીવન જવું વારી... થાળ સાથે માનસીપૂજા કરાવી.

**<u>ત્રીજો દિવસ - (બપોર પછીનું સત્ર)</u>**

- ''સ્વામિનારાયણ'' મહામંત્રની ધુન

**<u>સદ્. શ્વેતવૈકુંઠદાસજી સ્વામી :-</u>**

- ગ.પ્ર. ૭૧ વચનામૃત વંચાયું. સોમલાખાચરે પ્રશ્ન પુછયો - ભગવાન કયા અપરાધને માફ કરતા નથી? ઉત્તર : ભગવાનના ભક્તના દ્રોહરૂપી અપરાધને ક્યારે માફ કરતા નથી.
- ભગવાનના આકારનું ખંડન કરવું એ મોટો અપરાધ છે. અંબરીશ રાજાના દૃષ્ટાંતે વાત કરી.
- મહારાજ અને મોટાનો સંકલ્પ એવો છે જે અપરાધ કરે તેનું પણ હીત ઈચ્છે છે.
- મોટાનું મન મોટું હોય છે. સમર્થ હોવા છતા દયાળુ છે.
- મહારાજ અને મોટાનું એક જ કામ. પાત્ર-કુપાત્ર જોયા વગર મૂર્તિમાં મુકી દે.
- મોટાના વચનમાં વિશ્વાસ રાખવો. જેમ દાદાખાચરે રાખ્યો.
- જીવમાંથી હા પડે તો દાદાખાચરની જેમ ઘડામાં કોડું નાખે. મહારાજને કહે તમે કહો છો તો જાય જ. પણ મને નાખતા આવડતું નથી એમ કહ્યું.
- અસંખ્ય જીવો અનંત જન્મોથી ભટકે છે. તેમાં જેના પર ભગવાન અને મોટાની દૃષ્ટિ પડે છે તેનો આંત્યતિક મોક્ષ થાય છે.

**<u>સદ્. શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી :-</u>**

- ગ.પ્ર. ૭ જ્યાં જ્યાં અધ્યાત્મવાર્તા આવે છે તે અમારા મુક્ત સિવાય કોઈને સમજાતી નથી.

- સાધનથી સ્થિતિ થતી નથી. સ્થિતિ કૃપાથી થાય છે.
- ગ.પ્ર. – ૬૪ વાંચ્યું.
- ગ.પ્ર. – ૨૧ અક્ષરના બે સ્વરૂપનો ખુલાસો કરેલ છે.
- મૂર્તિમાન હોય તે સમર્થ હોય.
- જે ભગવાનને નિરાકાર જાણી ઉપાસના કરે તે બ્રહ્મસુષુપ્તિમાં લીન થઈ જાય છે.
- ગ.પ્ર. ૬૪માં શ્રીજીમહારાજની મૂર્તિના પ્રકાશને આત્મા કહેલ છે. બ્રહ્મ કહેલ છે.
- જે મૂર્તિનુ તેજ હોય તે મૂર્તિ આગળ અસમર્થ હોય પણ તેથી ઓરા આગળ સમર્થ છે. તેજને દૃષ્ટા કહેલ છે. અક્ષરને દૃષ્ય કહેલ છે.
- મૂળ અક્ષરને તેજ દ્વારે શ્રીજીમહારાજના દર્શન થાય છે.
- અનાદિમુક્તો શ્રી સ્વામિનારાયણ ભગવાનમાં રસબસ રહી સુખ ભોગવે છે.
- બાપાશ્રી કહે આ વાત અમે નજરે જોઈ જેમ છે તેમ યથાર્થ કહીએ છીએ.
- જુનાગઢના શ્રી કૃષ્ણવલ્લભાચાર્યે વચનામૃત પર ટીકા લખવાનું માંડી વાળતા કહ્યું જે બાપાશ્રીએ કરેલ ટીકાથી સારી ટીકા કોઈ કરી શકે નહિ.
- જેને અમારા થકી સ્થિતિ થઈ હોય તે થકી જ આ વાત સમજાય છે.
- શુષ્કવેદાંતી તો નારકી થાય છે. જે પૃથ્વી પર થયેલ ભગવાનના અવતારને વંદન, પુજન, સેવા કરતા નથી અને વિધિ-નિષેધ પાળતા નથી તે શુષ્કવેદાંતી જાણવા.
- જે વચન મોટા બોલે તેને સંશય રહીત ઝીલે તો તરત જ કામ થાય.
- ભગવાન અને મોટાના વચનને વિશ્વાસથી માનવા.

  ગુરૂજીના વચન વિચારી ઉર ધારજો રે<br>
  મુક્તાનંદ કહે છે એવી રીતે વર્તતા રે<br>
  તેને ઉર વાસ કરે ભગવાન રે...
- જીવના સ્વભાવ ચટણા છે તે ભમી જાય છે માટે અમારે કોઈને ભમાવવા નથી ને મૂર્તિમાં રાખવા છે. ભલે અમારા દાંત પડી ગયા પણ અમારે કોઈ જીવને પડવા દેવા નથી એમ બાપાશ્રી કહે છે.

**<u>સભા સંચાલક શ્રી બી.કે. ડુંગરાણી :-</u>**

- જેને આંત્યંતિક કલ્યાણ ઈચ્છવું હોય તેને એકવાર બાપાશ્રીની જરૂર પડશે. તે શું ? તો વચનામૃત રહસ્યાર્થ સમજશે ત્યારે સાચી વાત સમજાશે.

**<u>અ.મુ. શ્રી કલ્યાણભાઈ :-</u>**

- દુનિયામાં એક યુનિવર્સીટી એવી છે. જે પ્રશ્નના ઉત્તર આપવાથી નહી પણ પ્રશ્ન નવા કેવા અને કેટલા ઉભા કરે છે. તેનાથી ટેલેન્ટ નક્કી કરે છે.
- સદ્. ઈશ્વરચરણદાસજીએ વચનામૃતમાંથી પ્રશ્ન ઉભા કરી રહસ્યાર્થ બનાવી શંકા રહિત આપણને કર્યા છે.
- ગ.પ્ર. ૬૪

  ''યસ્ય અક્ષર શરીરં''<br>
  ''યસ્ય આત્મા શરીરં'' એ શ્રૃતિમાં કહ્યું છે.<br>
  ''યસ્ય પૃથ્વી શરીરં'' એમ પણ શ્રૃતિમાં કહ્યું છે.
- અક્ષર અને આત્મા (બ્રહ્મ)એ ભગવાનનું શરીર છે. એમ આ વચનામૃતમાં કહ્યું.
- બ્રહ્મ (આત્મા-તેજ) તેનો મહારાજ સાથે સબંધ છે. તે સ્વામી સેવકભાવનો નથી. કાર્ય-કારણનો છે. તેમાં મહારાજ વ્યક્તિરેક રહ્યા છે.
- પ્રશ્ન – મહારાજ ને અક્ષર વચ્ચેનો સબંધ કેવો છે?
- જવાબ – મૂળ અક્ષરમાં મહારાજ અંતરયામી પણે રહ્યા છે. વ્યતિરેક નહિ. મુક્તને વિષે ભગવાન વ્યતિરેક રહ્યા છે. અને અનાદિને વિષે તો અન્વય ન કહેવાય અને વ્યતિરેક પણ ન કહેવાય – બાપાશ્રી.
- બાપાશ્રીએ આ ચોખવટ કરી છે આ વાત સર્વેને સમજવી પડશે.
- અંતરયામીની વ્યાખ્યા શું ? બ્રહ્મસૂત્ર ભાષ્ય મુક્તાનંદ સ્વામી કૃત તેમાં વ્યાખ્યા કરી છે. ''જેમાં રહે છતા તે જાણે નહી તે અંતરયામી.''
- જીવમાં અંતરયામીપણે રહ્યા છે પણ જીવ જાણતો નથી તેમજ અંતરયામીપણે અક્ષરમાં રહ્યા છે છતા અક્ષર જાણતા નથી. જો જાણે તો અંતરયામી રહ્યા કહેવાય નહી.
- મુક્તામાં અંતરયામીપણે નથી રહ્યા, પણ સાક્ષાત રહ્યા છે તે સમજતા વાર લાગે છે.
- જયાં સુધી અંતરયામીપણું છે. ત્યાં સુધી કર્તાપણું આપણું છે ને જ્યારે અંતરયામીપણું જાય ત્યારે ભગવાનનું કર્તાપણું આવેને તેને વ્યતિરેક (સાક્ષાત) કહેવાય.
- ઈશાવાસ્ય ઉપનિષદ શ્લોક : ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪ની વાત (૧) જે અવિદ્યાને ઉપાસે છે તે ઘોર અંધકારમાં પડે છે! (૨) જે વિદ્યામાં રત્ છે તે તેનાથી પણ ઘોર અંધકારમાં પડે છે! (૩) જે વિનાશને ઉપાસે છે તે ઘોર અંધકારમાં પડે છે! (૪) જે વિકાસમાં રત્ છે તે તેનાથી પણ ઘોર અંધકારમાં પડે છે! (૫) પરમતત્ત્વ, વિદ્યા અને અવિદ્યા – વિકાસ અને વિનાશ થી જુદું છે. એવું અમે ધીર પુરૂષ પાસેથી જાણ્યું છે. (૬) જે પરમતત્ત્વને જાણે છે તે અમૃતને પામે છે એવું ઈશાવાસ્ય ઉપનીશદ કહે છે.
- **મૂર્તિ વગરની વિદ્યા એ અવિદ્યા જ છે. મૂર્તિ આવી તો બધુ આવ્યું - બાપાશ્રી.**

**<u>સભા સંચાલક : અ.મુ. શ્રી બી.કે. ડુંગરાણી :-</u>**

- એક મૂર્તિ આવી તો હૈયો (એક વાક્યમાં જવાબ)
- અબજીબાપાશ્રીનું આ જ્ઞાન છે તે સત્ય છે.
- મોટાના વચનોનો સંશય ન કરવો.

**<u>અ.મુ. ડૉ. આશિષભાઈ :-</u>**

- મોટા દિવ્યરૂપે આપણી સાથે રહી આપણા અંતરમાં પરીવર્તન કરાવી રહ્યા છે.
- સમગ્ર આધ્યાત્મનો સ્ત્રોત શ્રીજીમહારાજ જ છે.
- જ્યાંથી પ્રગટ્યું ત્યાંજ પહોચવાનું છે.
- જીવનું સર્જન ઈચ્છા-આંકાંક્ષોના ભાગરૂપે જન્મ-મરણરૂપી ચક્ર ને જ્ઞાન પીરસી ગયા તે જ જ્ઞાનને સરળ કરવા બાપાશ્રી પધારી તેના પર સ્પષ્ટતા કરી અને નારાયણમામા તે જ જ્ઞાનને થોડા શબ્દોમાં પચે તેવું વૈજ્ઞાનિક પરિક્ષેપમાં આપ્યું.
- જીવ પીરસનારાના જ્ઞાનને પોતાનું જ્ઞાન જાણી અહંકાર ઊભો કરે છે.
- અહંકાર અધોગતિ તરફ લઈ જાય છે.

- શબ્દનો અંત નથી... અંતર તરફ ''અનાદિમુક્ત અહમ સ્વામિનારાયણ દાસોસ્મિ'' તરફની ગતિ થવી જોઈએ.
- સામાન્ય માણસે ક્યાંક જવાનું થાય તો શરીર સમજે છે તો આપણે ક્યાં જવાનું છે. તેનો વિચાર કરવો તેના માટેની આ જગ્યા (સ્થાન) છે.
- આપણે રૂપિયા વાપરવા માટે નથી આવ્યા. આપણે અંતરને સ્વચ્છ કરવા માટે આવ્યા છીએ.
- ધ્યાન એટલે આખો બંધ કરવી તે નહી પણ વૃત્તિની દિશા અંદર તરફ વાળવી કહેતા ચેતના તરફ અભિમુખપણું મનના સંકલ્પ -વિકલ્પથી પર થવું.
- શાંત થયેલું મન એ મૂળ સ્વરૂપમાં ઉજાસ કરાવે છે.
- તે ઉજાસમાં મૂર્તિને ધારવાથી આપણું પરીવર્તન થાય ત્યારપછી આ મહાવાક્ય વણાઈ જાય આ સરળ છે.
- જીવ પોતાના રસ્તા માટે વિઘ્ન કરે છે.
- જ્યાં સુધી અહંમ છે ત્યાં સુધી વિઘ્નો છે.
- જ્ઞાનની ત્યાં સુધી જરૂર છે. જ્યાં સુધી સંશય દૂર ન થાય.
- આપણી ઓળખાણ આપણી પાસે જ્ઞાન છે તેનાથી નથી પણ આપણું પરીવર્તન થયું છે? તેનાથી છે. તે પરીવર્તન સમગ્ર વિશ્વમાં આપણા દ્વારા મહારાજ કરાવે છે.
- આપણી દરેક ક્ષણ તપાસ કરવી આજે આપણે શું કર્યું... નિશદિન વધવું જોઈએ.
- કકડાટ અને કંકાસ મનુષ્યભાવથી પર થઈ દિવ્યભાવ આવે ત્યારે દ્વંદનો અંત થાય છે.

**<u>સભા સંચાલન અ.મુ. શ્રી બી.કે. ડુંગરાણી :-</u>**

- આ સ્થાન વધુ ને વધુ ભગવાનના સ્વરૂપમાં જોડાવા માટેનું છે.
- મોટો સમુદાય ભગવાનના સ્વરૂપમાં જોડાય તેવો આગ્રહ રાખવો.
- નવા જનરેશન માટે કારણ સત્સંગની સંસ્થાની એપ બહુ ઉપયોગી થશે.

**<u>અ.મુ. શ્રી વિશાલભાઈ ગાંધી :-</u>**

- બધાને મદદરૂપ થવું.
- વિશ્વના ૮ બિલિયન પોપ્યુલેશનમાંથી કારણ સત્સંગનું જ્ઞાન એક લાખને હશે.
- કારણ સત્સંગના જ્ઞાનનો પ્રચાર-પ્રસાર કરવો જોઈએ.
- આ છત્રી સ્થાન ઈન્ટરનેશનલ બનવાનું છે.
- કાર્ય અને કારણ સાથે જ રહેવાનું છે.
- બાપાશ્રીનું વીકી પિડીયા પેજ બન્યું છે. તેમાં કેટલી બધી મહેનત કરી ત્યારે બાપાશ્રીની કૃપાથી સફળ રીતે બન્યું. નવી જનરેશન માટે આપણા સદ્‌ગુરૂના જીવનચરિત્ર તથા સાહિત્યને ડીજીટલમાં મુકાય તેવી સભાને પ્રાર્થના.
- ડીજીટલ ટીમ બનાવી ઓનલાઈન કારણ સત્સંગ સ્થાપવો.
- ડીલરશીપમાંથી નીકળી ડાયરેક્ટર થવાની જરૂર છે.

**<u>અ.મુ. શ્રી જાદવજીબાપાની દિવ્ય અમૃતવાણી :-</u>**

- પ્રગટ ભગવાન અને પ્રગટ મુક્તના મળેલા આ સભામાં બિરાજે છે.
- પ્રગટ ભગવાન દયા કરી દર્શન દે છે.
- પ્રગટ ભગવાન અને પ્રગટ મુક્તને મળેલા સુખ આપે છે.
- જે સમુદ્ર જેવા પાત્ર થાય તેને મૂર્તિનું સુખ મળે છે.

**<u>અ.મુ. શ્રી નારાયણમામાની અમૃતવાણી :-</u>**

- રામપુર ગંગા પ્રસાદી સ્થાને કહ્યું જે આપણે અત્યારે મર્તિમાં જ છીએ, મહારાજ જ દેખાય છે. બીજુ કોઈ દેખાતું નથી, મૂર્તિમાં રાખ્યા પછી બધી મૂર્તિમાં મહારાજ જ દેખાય છે.

**<u>અ.મુ. શ્રી રાકેશભાઈ (સુરત) :-</u>**

- આ સ્થાનના વિકાસના આપણે સાક્ષી છીએ.
- જાદવજીબાપા તથા નારાયણમામા આ સ્થાનમાં બધાને માથે હાથ મુકેલા છે.
- આ સભા મંડપમાં મુનિ સ્વામી દર્શન દેતા.
- આયુષ્ય થોડુ તેમાં બધા મત ક્યાં જાણવા! માટે મોટાના વચનો ધારવા.
- અનાદિમુક્તની સર્વોત્તમ સ્થિતિના જ્ઞાનની હૈયમાં હા પડી તે મોટાની દયા અને કરૂણા છે.
- મહારાજની વાત અન્ય સુધી સમજાવવા પ્રયત્નશીલ રહેવું.

**<u>અ.મુ. શ્રી ગોવિંદબાપા (બળદિયા) :-</u>**

- આ ભૂમિનું દાન બાપાશ્રીના પુત્રો કાનજીબાપા અને મનજીબાપાએ કર્યું પછી મુનિસ્વામી વિકાસ કર્યો. જાદવજીબાપા તથા મામાએ ૧૯૯૪માં બાપાશ્રીનો સાર્ધ શતાબ્દી મહોત્સવ કર્યો પછી ખૂબ વિકાસ થયો.
- બાપાશ્રીએ દયા કરી વચનામૃત રહસ્યાર્થ બનાવ્યું, જેમાં બીજા કોઈનું રેફરન્સ નહીં.
- આપણા જ્ઞાનનો પ્રચાર કરવા જે મહેનત કરે તેના પર મહારાજ-બાપાનો રાજીપો છે.
- આપણી સાચી મૂડી આપણને મળેલ આ જ્ઞાન છે તે આપણી પેઢીને પીરસતા રહીએ તો આપણો બગીચો ખીલેલો રહેશે.
- જેટલુ દાસપણું રહે તેટલું મોટાનું જ્ઞાન આપણામાં ઉતરે.
- જન જન પ્રત્યે મહારાજ બિરાજે છે તો પછી રાગ-દ્વેષ કેમ રહે છે. માટે તપાસ કરતા રહેવું.

**<u>ધ્યાન : મહાવાક્ય :</u>**

- અનાદિમુક્ત અહમ સ્વામિનારાયણ દાસોસ્મિ પર ધ્યાન થયું.

**<u>શિબિર સમાપન દિવ્યવાણી : અ.મુ. શ્રી મુની સ્વામી :-</u>**

- આપણે તો કથા-વાર્તા-કિર્તન અને ધ્યાન આ ચારમાંથી કોઈ કાળે તૃપ્તિ ન કરવી.
- માયા એટલે શું? આ જીવને ભગવાન સિવાય બીજે ઠેકાણે હેત થાય તેજ માયા.
- ભગવાનમાં હેત થયું તે માયાને તરી ગયો.
- ભગવાનનું જ્ઞાન - ઉપાસના પરિપક્વ કરવી.
- મહારાજનો મહિમા સમજવા કથા-વાર્તા કરીએ છીએ.
- મહારાજનો મહિમા સમજાય તો બીજે બધે વૃતિ ન રહે.

**<u>થાળ :-</u>**

- રૂડી રાંધી મે..... પર માનસીપૂજા કરી.
- સમાપન આરતી કરી શિબિર પૂર્ણ કરવામાં આવી.

# અનાદિમુક્ત સ.ગુ. મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી રચિત શિક્ષાપત્રી રહસ્યાર્થ પંચાહ્ન પારાયણ

**તા. ૧૯/૦૫/૨૦૨૪ થી ૨૩/૦૫/૨૦૨૪ (વૈશાખ સુદ-૧૧ થી વૈશાખ વદ-૧૫)**

પાટોત્સવ એવમ્ મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી સુવર્ણ સ્મૃતિ વર્ષ નિમિત્તે અનાદિમુક્ત સ.ગુ. મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી રચિત શિક્ષાપત્રી રહસ્યાર્થ પંચાહ્ન પારાયણ.

**વક્તા : સદ્. શાસ્ત્રી શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી**

યજમાન : મૂ.નિ. કાન્તિભાઈ કેવળદાસભાઈ પટેલ તથા મૂ.નિ. ઈન્દિરાબેન કાન્તિભાઈ પટેલ - અમદાવાદ

**પ્રથમ દિવસ - (પ્રથમ સત્ર)**

- સર્વપ્રથમ સવારે યજમાનશ્રી દ્વારા મહાપૂજા કરવામાં આવી.
- યજમાનશ્રી દ્વારા નિજ મંદિરથી દિવ્યાનંદ સભામંડપ સુધી પોથીયાત્રા કાઢવામાં આવી અને પોથીઓનું વ્યાસપીઠ તથા શ્રીહરિ પાસે સ્થાપન કરવામાં આવ્યું.
- સંગીત મડંળી દ્વારા કિર્તન ધૂનની રમઝટ બોલાવવામાં આવી.
- વ્યાસપીઠ પર વક્તાશ્રી પધાર્યા અને તેમનું તથા સંતમંડળનું યજમાન દ્વારા પૂજન કરવામાં આવ્યું.
- યજમાન તથા ટ્રસ્ટીશ્રીઓ અને આમંત્રીત મહેમાનો દ્વારા આરતી ઉતારવામા આવી અને ત્યારબાદ મંગળા ચરણ કરી વક્તાશ્રીએ શિક્ષપત્રી રહસ્યાર્થ મહિમા કહી કથા વિષયનો દોર હાથમાં લીધો.
- મુનિસ્વામીનો અંતરર્ધાન દિવસ તા.૧૭/૦૫/૨૦૨૪ આ ઉત્સવમાં જ્ઞાન-ધ્યાન-શીબીરમાં આવ્યો ત્યારે તેમનું પુજન કર્યું.
- એવા મુનિસ્વામીએ શિક્ષાપત્રી રહસ્યાર્થ ની રચના કરી.
- સર્વે સાધનનું ફળ પરમાત્મા છે માટે બાપાશ્રી કહે આપણે એક મૂર્તિ રાખવી.
- જન જન સુધી પહોચાડી શકાય તે પત્ર એટલે શિક્ષાપત્રી. અને તેનું રહસ્ય એટલે શિક્ષાપત્રી રહસ્યાર્થ જેમાં પરોક્ષાર્થ અને પ્રત્યક્ષાર્થ સમજાવી મહદ્ કૃપા કરી છે.
- અનેક શાસ્ત્રોના પ્રમાણ લઈ આના અર્થો સમજાવ્યા છે.
- માર્ગમા ભૂલું ન પડાય એટલે સાઈન બોર્ડ મૂકેલ હોય છે તેમ આપણે માર્ગ ન ભૂલીયે તે માટે આ શાસ્ત્ર છે.
- મારી વાણી એ મારુ સ્વરૂપ છે કહેતા તેજ નો જ્ઞાનનો પ્રવાહ છે.'વ્હાલી લાગે વાલમ તારા મૂખની વાણી રે......'
- સિધ્ધમુક્તોને પણ શિક્ષાપત્રીનું પાલન કરવાનું છે.
- શિક્ષાપત્રીમાં પ્રથમ મંગલાચરણ ઈષ્ટદેવ ત્યારબાદ આચાર્ય, બ્રહ્મચારી, સ્વામી, હરિભકતો ઉદેશીને વાત કહી છે. અને સાવધાન થઈ વર્તવાનું કહ્યું.
- શિક્ષાપત્રીમાં મહારાજ મારા આશ્રિત એમ કહ્યું છે. માટે આપણે યાદ કરીને અપણા હિતની વાત કરી છે.
- 'ભલે આવી અનુપમ એકાદશી રે......'એકાદશીને અનુલક્ષીને એકાદશી હોવાથી વાત કરી.
- શ્રીજી મહારાજે પત્ર લખીને ૧૮ મોટા-મોટા પોતાની પાસે બોલાવ્યા. તેમણે કાંઈ વિચાર ન કર્યો. તેમ આપણે શક્ષાપત્રીની આજ્ઞા શીર શાટે પાળવી.
- બાપાશ્રીએ અમારામાં ચેલા બનાવવાનો પણ રાગ કઢી નાખ્યો છે. પછી તમે કહો સાધુ બનાવો. હવે તો તમે કોઈ આપો તો થાય!
- ડૉક્ટર દવા લેવાનું કહે છે ત્યારે તે કહે તે પ્રમાણે કરવું પડે તેમ શિક્ષાપત્રીના વચન ધારણ કરવા તો મહારોગ જાય 'શિક્ષાપત્રીમાં અમે રહેશું તેમાં રહી સહુને સુખ દેશુ રે.'
- શિક્ષાપત્રીને પણ મૂર્તિમાન જાણવી. જેમ મૂર્તિને નૈવધ ધરાવીએ છીએ તેમ શિક્ષાપત્રીને મૂર્તિમાન જાણી નૈવધ કરવું.
- ભગવાનના ભક્તોને દુઃખ કર્મ પ્રેરવ્યું નથી પણ ભગવાનની આજ્ઞા લોપવાનું કારણ છે.
- જેમ અગ્નિનો સ્પર્શ જાણે અજાણે પણ દઝાણે, અમૃત જાણે અજાણે પીએ તે અમર થાય; તેમ સ્વામિનારાયણ નામ જાણે અજાણે લે તેનું પણ કલ્યાણ થાય જેમ અજામેળનો મોક્ષ થયો તેમ.
- ગોપાળનંદ સ્વામીના શિષ્ય નિર્ગુણદાસ તેમના શિષ્ય અબજીબાપા તે મારા ગુરૂની આજ્ઞાથી આ ગ્રંથ લખવવાની પ્રેરણા લઈ આ ગ્રંથ કર્યો છે. જેમા મહારાજ અને મુક્તોને યાદ કરી ગ્રંથ લખે છે.
- શિક્ષાપત્રીના પ્રથમ શ્લોકનો પ્રથમ મંગલાચરણ નો પરોક્ષાર્થ અને તેનો પ્રત્યાક્ષાર્થ જે શ્રીજી મહારાજ તેમજ તેમના પરમ એકાંતિક અને અનાદિમુક્તની વાત કરી, પછી અહિંસા ધર્મ કહયા છે.
- અહિંસા અને નિષ્કામ ધર્મ જેમનામાં છે કહેતા બ્રહ્મચર્યનું પાલન કરે તેને જગત આખું પ્રમાણ કરે છે.
- સવારે નિત્યવિધિ ની વાત કરી તેની શરૂઆત બ્રાહ્મ મૂર્હતમાં જાગવાથી થાય છે પછી સ્મરણ, સ્નાનવિધિ, પૂજનવિધિ, ત્યારબાદ વ્યવહારિક કાર્ય કરવું.
- મુનિસ્વામિએ 'અનાદિમુક્તોઙહમ્ સ્વામિનારાયણ દાસોઙસ્મિ' મંત્ર આપ્યો તેનો મહિમા કહ્યો અને ઘરમાં જયાં જયાં હાલતા

ચાલતા અથવા ગાડીમાં જયાં આપણી વારંવાર નજર પડે ત્યાં લગાવવો.

- પ્રહલાદ ના માતા કયાધુએ જે રીતે હિરણ્યકશ્યુપને મોઢે યુકિતથી 'ઓહમ નમો નારાયણ' નામ લેવડાવ્યું તેના ફળરૂપે પ્રહલાદ પ્રગટ્યા. માટે આપણે મુનિસ્વામીએ આપેલ મંત્ર નું મનન કર્યા કરવું.
- 'મૂર્તિ, મૂર્તિ કરયા કરો, મૂર્તિ રાખો ઊર, મૂર્તિ પળ ન ભૂલિયે થઈ મૂર્તિ સ્વરૂપ....'
- સ્વામિનારાયણ ધૂન કરી પ્રથમ સત્ર પૂર્ણ થયુ.

**<u>પ્રથમ દિવસ - (દ્વિતિય સત્ર)</u>**

- કિર્તન-ભકિત-ધૂન સંગીત કરી રહ્યા પછી વ્યાસપીઠ પર વક્તા મહોદયશ્રી બીરાજમાન થયા, તેમનું પૂજન યજમાન તથા ટ્રસ્ટીશ્રીઓ દ્વારા કરવામાં આવ્યું.
- મંગળાચરણ કરી વક્તાશ્રી કથામાં પ્રવેશ કરે છે.
- શ્રીજીમહારાજે આપણે સાત્વિક યજ્ઞ કર્યા કરવો એમ આજ્ઞા કરી છે. સાત્વિક યજ્ઞ એટલે મંત્રનો જાપ આપણે બીજું ઉમર સાથે ભૂલી જશું પણ મંત્ર નથી ભૂલાતો. માટે મંત્ર જાપ કરવો.
- ભગવાન સંબંધી જે જે ક્રિયા છે તે સર્વે અંતરદષ્ટિ છે જ્ઞાનયજ્ઞ છે અને આત્માને વિશે પરમાત્માનું દર્શન તે જ્ઞાનયજ્ઞનું ફળ છે.
- આપણને કોઈ દિવસ ભગવાનના દર્શન ન થાય ત્યારે દુઃખ થાય છે ? 'જે દિનમાં દર્શન નવ પામું રે...'
- ભગવાન પૂર્ણ છે.'પૂર્ણ મદઃ પૂર્ણ મિદં પૂર્ણાત પૂર્ણ મૂદચ્યતે' એ મનુષ્યરૂપે વિચરી જે જે કરે છે તે દિવ્ય પૂર્ણ છે એવા ભગવાન ભકતને અર્થે મનુષ્યરૂપે વર્તે છે. અને ધર્મ,ભકિત,(વિધિ-નિધિ) શીખવે છે.
- કોઈ પ્રાણીની હિંસા ન કરવી. અહિંસા એજ મોટો ધર્મ, વેદના અવળા અર્થ કરી હિંસા ન કરવી. જે દેવ-દેવી આગળ હિંસા થતી હોય તે અમને માન્ય નથી. અમે સાત્વીક દેવ-દેવીઓ જેમની આગળ હિંસા નથી થતી તેને માનીએ છીએ.
- સા. ૧૧ માં પણ પાચ સાધનમાં અહિંસા પાલન કરવા કહે છે.
- સ્ત્રી-ધન-રાજ્ય પ્રાપ્તી અર્થે પણ હિંસા ન કરવી.
- આપઘાત કરવો એ સ્વહિંસા છે તે પણ ન કરવો, અને મોક્ષાર્થે તિર્થ વિશે પણ સ્વહિંસા ન કરવી.
- શરીરમાં પીડાથી છૂટવા પણ આત્મહિંસા ન કરવી.
- કોઈ અપમાન કરે તો પણ ક્રોધ કરીને આત્મઘાત ન કરવો.
- તેમજ મદ્ય-માંસ નુ ભક્ષણ ન કરવું. તેવા દેવ-દેવી નો પ્રસાદ હોય તો પણ ન લેવો અને તે દેવ-દેવીને માનવા નહિ.
- ફોતરા સહિત બાફેલા કઠોડ-સીંગ વગેરે ન ખાવું.
- ભગવાનને ધરાવ્યા વિના ન ખાવું.
- ૧) ખાંડણી ૨) ઘંટી ૩) ચૂલા ૪) સાવરણી ૫) પાણીયારુ ત્યાં હિંસા સંભવ છે તેના દોષ નિવૃતિ અર્થે દેવયજ્ઞ,બ્રહ્મયજ્ઞ,માનુષ યજ્ઞ, ભૌતિક યજ્ઞ, પિતૃયજ્ઞ, આદિક તથા નામસ્મરણરૂપ વગેરે કરવા.
- ૧૧ પ્રકરણનું મદ્ય(દારૂ) કહેવાય છે તથા સુરા તેનું પાન ન કરવું.
- ક્રોધ કરી પોતાના કે બીજાના શરીરના કોઈ ભાગ ને છેદવા તે પણ હિંસા છે તે ન કરવી.
- સ્વામિનારાયણ ધૂન કરી પ્રથમ દિન દ્વિતિય સત્ર આરતી કરી પૂર્ણ થયું.

**<u>દ્વિતિય દિવસ - (પ્રથમ સત્ર)</u>**

- યજમાનશ્રીના ઉતોરથી ઠાકોરજી માટેની છાબ (ભેટ) નીજમંદિર માં ઠાકરજીને ધરી દિવ્યાનંદ સભામંડપમાં લાવ્યા. સંગિતજ્ઞો બ્રાહ્માનંદ સ્વામી રચિત છંદ-દોહાની ઝીક જમાવી રહ્યા હતા.
- વક્તા તથા સંતોનું પૂજન કરવામાં આવ્યું. ત્યારબાદ આરતી થઈ અને વક્તાશ્રીએ મંગળાચરણ કરી કથાનો દોર હાથમાં લીધો.
- શ્રીજીમહારાજે ઉત્સવ કર્યા છે તેમાં હરિભક્તો આવે તેમના જીવન જોઈને આપણામાં પરિવર્તન આવે માટે ઉત્સવમાં આવવું.
- સદ્. શ્રી સ્વયંપ્રકાશદાસજીએ મૂળીથી જય સ્વામિનારાયણ કહ્યા તે સભાને કહ્યા. સભાએ સહર્ષ ગ્રહણ કર્યા.
- નિષ્કુળાનંદ સ્વામી જેવા વૈરાગ્યવાન પણ ગોપીઓનો પ્રેમ પ્રેમપૂર્વક વર્ણન કરે. ''કર્યા ઉત્સવ મેળા, કરવા બ્રહ્મમહોલમાં ભેળા.''
- ભગવાને આપણને મન, ઈંદ્રિય, બુધ્ધિ, પ્રાણ અર્પયા છે તેનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવો અને ભગવાનને પ્રાપ્ત કરવા.
- હું જે ક્રિયા કરુ છું એનાથી ભગવાન રાજી થશે? એ લક્ષ્ય હમેંશા રાખવું. માટે શિક્ષાપત્રીની આજ્ઞા નજર સમક્ષ રાખવી.
- ક્યારેક કોઈથી પાપ થાય તો તેનું પ્રાયશ્ચિત આપવું. તે પ્રાયશ્ચિત એટલે પાપીને કોઈ પ્રકારે મારવો એ નથી. અંતરમાં દયાભાવ રાખવો. ક્રોધ ન કરવો. ક્રોધથી તો કરેલ પુણ્ય પણ નાશ પામી જાય.
- ચોરી ન કરવી. ધર્મ અર્થે પણ ચોરી ન કરવી. લોભ પણ એક પ્રકારની ચોરી છે. બાપાશ્રીએ રસ્તામાં પડેલ ઘરેણું હાથમાં ન લીધું. ટેક્સ ન ભરવો એ પણ ચોરી છે એમ મામાશ્રી કહે છે. કેમકે તેના પર બીજાનો અધિકાર છે. આપણો અધિકાર નથી.
- દશાંશ વિશાંસ એ ભગવાનનો ભાગ છે તે ન આપવું તે પણ ચોરી છે.
- સ્ત્રી અને પુરુષે વ્યભિચાર ન કરવો. તેનું પ્રાયશ્ચિત બન્નેએ કરવાનું મનુ સ્મૃતિમાં કહ્યું છે.
- જુગાર ન રમવી. વ્યસન ન કરવું. વ્યસન દસ પ્રકારના છે :

બીડી, તમાકુ, માવા, ચરસ, ગાંજો, મફર, અફીણ એ તો વ્યસન છે પણ આદિ એટલે ઓટલે બેસી ગપ્પા મારવા એ પણ આ દસ પ્રકારના વ્યસનમાં આવે છે. નાટક-ચેટક, જુગાર ચોપાટ-ગંજીફો વગેરે વ્યસનો છે. આજે મોબાઈલનું વ્યસન બધાને લાગુ પડી ગયું છે. મોબાઈલનો પણ વિવેકપૂર્ણ ઉપયોગ કરવો.

- પોતાના સ્વાર્થ માટે મિથ્યા અપવાદ ન આપવો. અપશબ્દ ન બોલવો.
- દેવતા, તિર્થ, બ્રાહ્મણ, વેદ, પતિવ્રતા, સંતની નિંદા ન કરવી. આ શ્લોકમાં 'ચ' કાર છે માટે વેદ ઉપરાંત પુરણો, બ્રહ્મસુત્ર, ઉપનિશદ વગેરે ગ્રંથો તેમજ શ્રીજીમહારાજના ચરિત્રોનું વર્ણન કરતા શાસ્ત્રો કે કાવ્યો તેમની નિંદા ન કરવી.
- આજે વોટસએપ પર આવતા નિંદાત્મક વાક્યો જોવા નહિ અને ફોરવર્ડ તો કરવા જ નહિં.
- માર્ગને વિષે ચાલતા શીવાલય આદિક દેવોને બે હાથ જોડી આદરપૂર્વક દર્શન કરવા. યમસ્મૃતિમાં, પતિવ્રતા, હરિભક્ત, તપસ્વી, મહાન પુરુષો, રાજકીય પુરુષો વગેરેને આદરપૂર્વક નમસ્કાર કરવા કહ્યું છે.
- પારકા ધર્મનું આચરણ ન કરવું. ક્ષત્રિયાદિકમાં રક્ષણ અર્થે હિંસા છે તોપણ ક્ષત્રિયો માટે બ્રાહ્મણના અહિંસા ધર્મ જે શ્રેષ્ઠ છે તો પણ પોતાનો ન્યુનધર્મ હોય તો પણ તેનું પાલન કરવું શ્રેષ્ઠ છે.
- વેદ વિરુધ્ધ, કલ્પિત ધર્મ, નાસ્તિક ધર્મ, પાખંડ ધર્મ વગેરેનું આચરણ ન કરવું.
- જેના મુખથી કથા સાંભળતા ધર્મ અને ભક્તિમાંથી પડી જવાય તેના મુખથી કથા ન સાંભળવી. ભગવાનના મહાત્મ્યે રહિત વક્તાના મુખે કથા સાંભળવી નહીં.
- સત્સંગીજીવનમાં ધર્મ-સહિત ભક્તિ કરનારા, ધર્મ હોય ભક્તિ ન હોય, ભક્તિ હોય ધર્મ ન હોય, ધર્મ-ભક્તિ બેય ન હોય. એમ ચાર પ્રકારના મનુષ્ય કહ્યા છે.
- શ્રીજીમહારાજે કહ્યું કે પોતાના અને પારકાનો દ્રોહ થાય એવું સત્ય વચન ન બોલવું. એનો મતલબ જુઠું બોલવું એમ નથી. કેવા એવા પ્રસંગે જુઠું બોલવું તેના ઉદાહરણમાં કૃષ્ણ ભગવાનનું પ્રાગટ્ય થયું ત્યારે જુઠું બોલવું પડ્યું, તેમજ અશ્વથામા મરાણો એ વાક્ય શ્રીકૃષ્ણે યુધિષ્ઠિર પાસે બોલાવ્યું માટે સમગ્રનું હિત હોય તે વિચારવું.
- ધૂન કરી પ્રથમ સત્ર પૂર્ણ થયું.

**<u>દ્વિતિય દિવસ - (દ્વિતિય સત્ર)</u>**

- કિર્તન-ભક્તિ-ધૂન સંગીતજ્ઞો કરી રહ્યા પછી વ્યાસપીઠ પર વક્તા મહોદયશ્રી બીરાજમાન થયા. તેમનું પૂજન યજમાન, ટ્રસ્ટીશ્રી વગેરે દ્વારા કરવામાં આવ્યું.
- મંગળાચરણ કરી વક્તાશ્રી કથામાં પ્રવેશ કરે છે.
- ચોર, પાપી, વ્યસની, પાખંડી, કામી, કપટી તેનો સંગ ન કરવો.
- કરકસર વિવેક છે, કંજુસાઈ લોભ છે. જે પુરુષાર્થને નહિ માની નસીબ ઉપર જીવનાર વગેરેનો સંગ ન કરવો.
- જે ભક્ત ભક્તિના ચિહ્ન ધારણ કરતો હોય પણ ગુપ્ત રીતે અધર્મમાં પ્રવર્તતો હોય તેનો દૂરથી ત્યાગ કરવો.
- ભગવાનના મહિમાના ઓથે પાપ કર્મમાં પ્રવૃત હોય તેનો સંગ ન કરવો.
- મુક્તપુરુષ અયોગ્ય આચરણ કરે તો ચાલે એવું સમજતો હોય અને તેવાને સેવતો હોય તો તેનો પણ સંગ ન કરવો.
- કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે વિકારોએ ભગવાન મેળવવા નિકળેલ પુરુષોને પણ પરાસ્ત કર્યા છે. તે પર વિશ્વામિત્ર અને વસિષ્ટ ઋષિ સામસામે શ્રાપ આપ્યા અને પતન પામ્યા તે વાત કરી.
- આત્મનિષ્ઠા, સ્વરૂપનિષ્ઠા, ચાર પ્રકારના પ્રલયની રીત તેનો વિચાર કરે તો મોહ ન ઉપજે. એમ વચનામૃતમાં કહ્યું છે.
- શ્લોક ૨૯ પર શિક્ષાપત્રી રહસ્યાર્થમાં ૫૦ પાનામાં સમજાવ્યું છે. જેમાં અવતારી સ્વરૂપ અનાદિ શ્રી કૃષ્ણ જે સ્વામિનારાયણ ભગવાન તેમના અંશ, કળા, વિભૂતિ વગેરે અવતારો અને તેમના સંકલ્પાવતાર, મુક્તાવતાર તથા ઐશ્વર્યાર્થી અવતાર, તેનું વિસ્તૃત વર્ણન કર્યું. અને મૂળસ્વરૂપ તો સદાય એકરૂપે દ્વિભુજ, સદા સાકાર છે તે જ પોતે લોજ, માંગરોળ વગેરે જગ્યાએ ભક્તના ભાવ પ્રમાણે પોતે દર્શન આપ્યા તે સંકલ્પ સ્વરૂપ જાણવા જેને મંદિરોમાં પધરાવ્યા છે. પણ પૂર્વે થયેલ અવતાર જેને અસુરો માર્યા તેમજ જગતની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલય આદિક ઐશ્વર્યો અંતરયામીરૂપે પ્રવેશ કરી તે ઐશ્વર્યાર્થી અવતારો જે અવતારીથી ભિન્ન છે. અને જીવોના કલ્યાણ અર્થે મુક્તોને પોતે સાથે લાવ્યા અને સત્સંગમાં મોકલતા રહ્યા છે અને મોકલતા રહેશે તે મુક્તાવતાર. તે પર સંતદાસ હમીરસરમાં ડૂબકી મારી બદરીકાશ્રમ ગયા. સંતદાસ એ મુક્તાવતાર. તેમજ પર્વતભાઈની અનાદિમુક્તની સ્થિતિની વાત જે મૂર્તિ વિના કશું દીઠું નથી ને ઘનશ્યામ લીલામૃતસાગરમાં કહ્યું છે તે વાત કરી.
- આમ સર્વે અવતારના અવતારી દ્વિભુજ છે, સદા સાકાર છે, તેમને નિર્વયવ કહ્યા તે માયિક આકાર રહિત છે માટે કહ્યા છે. એવા ભગવાન મનુષ્યરૂપે પ્રગટ થાય છે ત્યારે પોતાના ઐશ્વર્ય છુપાવીને મનુષ્ય જેવા જણાય છે. એવા ભગવાન સ્વામિનારાયણ આપણા મનોરથ પૂર્ણ કરવા, પોતાના સ્વરૂપનું જ્ઞાન આપવા અને બ્રહ્મરૂપ કરવા પધાર્યા. ''પ્રગટ હરિ મુજને મળ્યા રે લોલ... પ્રેમાનંદ સ્વામી.''

**<u>તૃતિય દિવસ - (પ્રથમ સત્ર)</u>**

- નિજમંદિરમાં પ્રભાતે આરતી કરી સહુ હરભિક્ત ધ્યાનમાં જોડાયા. ત્યારબાદ 'શિક્ષાપત્રી રહસ્યાર્થ'નું સમુહ પારાયણ થયું. અને પૂર્ણાહુતિ આરતી કરવામાં આવી.
- કારણ સત્સંગના વડીલ અને કાયમ છતેડી ઉત્સવ અને શીબીરમાં ઉપસ્થિત રહેતા ગામ જેતપરના પુજારી અ.મુ. શ્રી અમરશીબાપા તા. ૨૧/૫/૨૦૨૪ના રોજ મૂર્તિ સુખે સુખી થયા તે નિમિત્તે ૫ મીનીટ સ્વામિનારાયણ મંત્રની ધૂન સભામાં કરવામાં આવી અને મૂર્તિ સુખ વિશેષ મળે તે પ્રાર્થના.
- સભામંડપમાં અમરશીબાપાએ ગાયેલ ''બાપા પધાર્યા'' રજુ કર્યું.
- સંગિતજ્ઞો કિર્તન-ભક્તિ ભાવપૂર્વક કરી રહ્યા હતા.
- વક્તાશ્રી વ્યાસાસને વિરાજીત થયા. યજમાનશ્રી તથા ટ્રસ્ટીશ્રીઓએ તેમનું પૂજન કર્યું અને આરતી કરવામાં આવી.
- વક્તાશ્રીએ મંગળાચરણ કરી કથાનો દોર આગળ ચલાવ્યો.
- એકાંતિક ધર્મની પ્રવૃત્તિ કરવા શ્રીહરિ અવની પર આવ્યા.
- ડોંગરેજી મહારાજ કથા કરતા ત્યારે ભગવાન સિવાય બીજા કોઈને યાદ ન કરતા.
- પહેલા તો ઘરના સદસ્યો સાથે દિવ્યભાવના પછી અડોશ-પડોશ પછી સમાજ અને માનવકુળ પ્રત્યે દિવ્યભાવ લાવવો.
- જે સુખ ભગવાન ભુલાવે તે કરતા જે દુઃખ ભગવાન ન ભુલવા દે તે ઉત્તમ છે.
- દિનાનાથ ભટ્ટને ૧૮,૦૦૦ શ્લોક કંઠસ્થ. ત્યારે શ્રીહરિ કહે આમા તમારા કલ્યાણ માટે કયા. ત્યારે દિનાનાથ ભટ્ટ કહી ન શક્યા ત્યારે શ્રીજીમહારાજે કપિલ દેવહુતિની વાત કહી. જેવી જીવને પોતાના દેહ અને પરિવાર વગેરેમાં આત્મબુદ્ધિ છે તેવી આત્મબુધ્ધિ ભગવાન અને ભગવાનના ભક્તને વિષે કરે તો માયા તરી જાય. કહેતા કલ્યાણ થાય. તેમજ ભગવાનના ભક્તને વિષે જેને આત્મબુધ્ધિ નથી, તીર્થબુધ્ધી નથી તે બળદ તુલ્ય છે. આ સાંભળી દીનાનાથ ભટ્ટ આવાક બની ગયા. અને મહારાજના ચરણમાં ઢળી પડ્યા. તે પર દેવીદાન ગઢવી જે રીતે મહારાજને ઓળખી ગયા, અને ગામના માણસો મહારાજ કોણીએ થોલું ચાટવા લગ્યા જોઈ બોલ્યા આને ખાવાની ખબર નથી. પણ દેવીદાન ગઢવી કહે આ નક્કી ભગવાન છે. ''ઘેર ચાલી આવ્યા બ્રહ્મમોહોલ વાસી રે...'' એ વાત વિસ્તારીને કરી જે એ દેવીદાન એટલે દેવાનંદ સ્વામી માટે નિષ્કપટ ભાવે ભગવાનમાં જોડાઈ જવું.
- ''કર પ્રભુ સંગાંથે દઢ પ્રીતડી રે...'' દેવાનંદ સ્વામીના કિર્તનથી પ્રથમ સત્રની પૂર્ણાહૂતી થઈ.

**<u>તૃતિય દિવસ - (દ્વિતિય સત્ર)</u>**

- યજમાનશ્રીએ વક્તાશ્રીનું પૂજન કર્યું. સંગીતજ્ઞોએ કિર્તન-ભક્તિ-ધૂન કરી. વક્તાશ્રીએ મંગળાચરણ કરી કથા શરૂ કરી.
- ભક્તિ અને સત્સંગ વિના વિદ્વાન પણ અધોગતિને પામે છે.
- સત્સંગથી સદ્ગુણો આવે છે. અને ભક્તિ એટલે શરણાગતિ, આશરો. આપણું સર્વસ્વ શ્રીજીમહારાજને અર્પણ કરી દઈએ.
- આશરામાં પોલ ન ચાલે. પતિવ્રતાની ભક્તિ કરવી તે પર પાર્વતી અને હનુમાનજીની વાત કરી.
- કૃષ્ણને મારવા કંસે મલ્લ કુસ્તી ખેલ યોજ્યો. પણ મલ્લોને તો પોતે ભયાનકરૂપ બતાવ્યું. આ જોઈ તેઓ તો શીથીલ થઈ ગયા. બીજા જે જે હતા તેને ઘટે તે રૂપે દેખાયા. કંસને કાળરૂપે દેખાયા. યોગીઓને યોગેશ્વરરૂપે. એમ વિધવિધ રૂપે કૃષ્ણ દેખાયા. મારવા કૃષ્ણને હતા પણ મૃત્યુ કંસનું પોતાનું થયું.
- જેતલપુરમાં યજ્ઞ કર્યો ત્યારે લોટ દડાવવાનું કામ ગામના લોકોને ઘેર ઘેર સોંપ્યું. અને લોટ દડનારનું કલ્યાણ કરવાનો સંકલ્પ કર્યો. એક ગણિકા આવી. મહારાજે તેને પણ ઘઉં દડવા આપ્યા. ગણિકા તો રાજી થઈ. ક્યારેય ન કરેલુ કાર્ય કર્યું. હાથમાં ફોડા પડી ગયા. લોટ દડીને લાવી ત્યારે એ લોટ યજ્ઞમાં ન લેવાય એમ સહુએ કહ્યું ત્યારે મહારાજે તે લોટમાંથી પોતાની રસોઈ કરાવી અને જમ્યા. ગણિકાનું કલ્યાણ કર્યું.
- અક્ષરધામનું સ્વરૂપ અને મનુષ્ય સ્વરૂપને એક જાણે છે તે ઉત્તમ જ્ઞાની છે, આપણે એ જ્ઞાન પચાવ્યું છે. તે પર છપૈયામાં ઘનશ્યામે લીલાઓ કરી તે સંક્ષેપમાં કહી.
- ભગવાનને કોઈ ક્રિયા સ્પર્શતી નથી. આકાશ જેવા નિર્લેપ છે. તે જે કાંઈ કરે છે એ સર્વે લીલારૂપ છે.
- સવજી મહેતા બ્રાહ્મણ ખેતી કરે. બાજરો તૈયાર હતો. ત્યાં વડતાલમાં મહારાજે સમૈયો કર્યો એટલે આ બધુ છોડી સવજી સમૈયામાં ગયા. આ બાજુ ચોર ૧૪ દાડીયા લઈ સવજી મહેતા ના ખેતરમાં બાજરો ચોરી લેવા ગયા. મહારાજે ૧૪ રૂપ ધારણ કરી દરેકને સોટી મારી ભગાડ્યા પણ બાજરો લણી તૈયાર કર્યો હતો તે મહારાજ સવજીના ઘેર તેમની માતાજીને આપ્યો. આને કહેવાય શરણાગતિ.
- કિર્તન-ધૂન અને આરતી કરી સત્રની પૂર્ણાહુતિ કરી.
- **રાત્રે ૯:૦૦ થી ૧૧:૦૦ વાગ્યા સુધી ખૂબ ભક્તિભાવથી બાળ-યુવાનો-પ્રૌઢો ઠાકરથાળીમાં રાસ રમ્યા.**

**<u>ચતુર્થ દિવસ - (પ્રથમ સત્ર)</u>**

- ''સહજાનંદ મંડપમ્''નું ભૂમીપૂજન સંતોની ઉપસ્થિતિમાં સદ્. શાસ્ત્રી શ્રી શ્રીજીપ્રકાશ સ્વામીએ વિધિપૂર્વક કર્યું. પૂજન બાદ મોટા મુક્તોએ કરેલ સંકલ્પોને સદ્. શાસ્ત્રી શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી, શ્રી ગોવિંદભાઈ (પ્રમુખશ્રી), શ્રી જીતુભાઈ વ્યાસ વગેરે મુક્તોએ યાદ કર્યા. સેવાનો લાભ લઈ મહારાજ-બાપાનો રાજીપો લઈ લેવો જોઈએ એવું સર્વેનું

અંતઃકરણ કહેવા લાગ્યું. સહુ ભક્તો સભામંડપ તરફ પ્રયાણ કરવા લાગ્યા.

- દિવ્યાનંદ સભામંડપમાં કિર્તન-ભક્તિ-ધૂનમાં સહુ જોડાયા.
- વ્યાસાસન પર વક્તા મહોદયશ્રી વિરાજમાન થયા.
- યજમાન, ટ્રસ્ટીશ્રીઓ અને મહેમાનો વક્તાશ્રીના પૂજનમાં જોડાયા. ત્યારબાદ આરતી થઈ અને મંગળાચરણ કરી વક્તાશ્રીએ કથાનો દોર હાથમાં લીધો.
- આપણા દરેક કાર્યમાં મહારાજ મુખ્ય છે. આપણે જે પ્રથમ સહજાનંદ સ્વામી મહારાજની જય બોલીયે છીએ અને અંતમાં સ્વામિનારાયણ ભગવાનની જય બોલીયે છીએ. એમાં સર્વે અવતારોની જય આવી જાય. બાપાશ્રીની જયમાં બધા મુક્તોની જય સમાવિષ્ટ છે એમ સમજવું. અને સદ્‌ગુરૂની જયમાં તમામ સંતોની જય સમાવિષ્ટ થાય છે. માટે આપણે વિવેકપૂર્ણ બોલવું, કોઈની નીંદા ન કરવી.
- મુનિસ્વામી ''નારાયણમુનિ એવા સહજાનંદ સ્વામી'' વારંવાર રહસ્યાર્થમાં પ્રયોજે છે. કેવું અદભૂત સંબોધન. શ્રીજીમહારાજના બન્ને નામ સાથે લઈ લે છે.
- લોકો પ્રાર્થના નથી કરતા તેને પણ ભગવાન આપે છે. જે હૃદય ખોલીને પ્રાર્થના કરે છે ભક્તિ કરે છે તે એમને અતિ પ્રિય છે એમ ગીતામાં ભગવાન કહે છે. ''પ્રગટ પ્રભુની ભક્તિમાં રહે ગમતું ભગવાનનું...'' પોતાનું ધાર્યું મૂકી દઈ મોટાની અનુવૃત્તિમાં રહે તેના પર ભગવાન રાજી છે. ''ભક્તિ રે કરવી તેને દાસ થઈ રહેવું...'' ગંગાસતિએ પણ આવી વાત કરી છે.
- ''ફુલણે ગરકાવ... વગેરે ભક્તિગીતો ગાઈને સૌ ભક્તો રાસ રમ્યા.''
- જે સદ્‌ગુરુની સમીપમાં બેઠો છે તેને દેશ-કાળના ધક્કા નહિ લાગે, બીજાને માયા પરાભાવ કરશે.
- ભગવાનમાં જોડાવા માટે આ ઉત્સવ સમૈયા છે. મૂર્તિ એનું ફળ છે.
- મહારાજ ભૂદેવને જેટલા વેદ ભણ્યા હોય તેટલા બોથા પ્રસાદ આપતા. એક ભૂદેવ કહે હું તો વેદ ભણ્યો નથી પણ સ્વામિનારાયણ ભણ્યો છું. મહારાજ રાજી થયા અને સર્વસ્વ તેમને આપી દીધું.
- લોકોને સહજ અને સરળમાં રસ નથી. અટપટું કરી મેલે ત્યાં ટોળું ભેગું થાય. કોઈ ગધેડા જેવો અવાજ કાઢે તો ગામ ભેરું થાય પણ ગધેડો ભૂંકે તેને જોવા કોણ આવે? કોઈ નહિ.
- નટને જેવા બધા ભેળા થાય પણ નટ કોઈને ન જુવે જો બીજાને જોવા જાય તો કામ બગડે. તેમ જો આપણે બીજાનું જોવા જઈએ તો આપણું બગડી જાય. માટે એક મૂર્તિ રાખવી.
- પાણી ગાળીને પીવું. અણગળ પાણીમાં હિંસા દોષ છે. વાણી પવિત્રતા સત્ય બોલવાથી થાય, નેત્રની પવિત્રતા નાસિકાગ્ર દૃષ્ટિથી અને જળ (લિક્વીડ - પ્રવાહી)ની પવિત્રતા ગાળવાથી છે.
- જે જળમાં સુક્ષ્મ જંતુ ઘણા હોય તેમા નાહવું નહીં, વસ્ત્ર ધોવા નહીં, હાથ-પગ ધોવા નહિં તે કરવાથી હિંસાદોષ થાય છે.
- જ્ઞાનનો ઓથ લઈને ધર્મને ખોટા કહે તે અસુર છે. પંચવર્તમાનરૂપ ધર્મનો કોઈ જ્ઞાનને ઓથે લોપશે તે ગુરૂદ્રોહી, વચનદ્રોહી છે, માટે પંચ વર્તમાનનું પાલન અવશ્ય કરવું.
- ધૂન કરી પ્રથમ સત્ર પૂર્ણ થયું.

**<u>ચતુર્થ દિવસ - (દ્વિતિય સત્ર)</u>**

- યજમાનશ્રીએ વક્તાશ્રીનું પૂજન કર્યું. સંગીતજ્ઞોએ કિર્તન, ભક્તિ, ધૂન કરી. વક્તાશ્રીએ મંગળાચરણ કરી કથા શરૂ કરી.
- ભગવાનનો જેને આશરો કર્યો તેને નિષ્પાપ કરી પોતાનું ધામ શ્રીજીમહારાજે બક્ષ્યું.
- માંસ-મંદિરાયુક્ત ઔષધ અમારા આશ્રીતોએ ન ખાવું.
- કામ-ક્રોધ-લોભાદિક અર્થે ધર્મનો ભંગ ન કરવો. ધર્મ સર્વેનો આધાર છે. સર્વે સુખનું ધામ ધર્મ છે.
- વિસનગરનો સૂબો સ્વામિનારાયણના આશ્રીતોને ધર્મ પાલન કરતા હતા તે ધર્મ છોડવા હુકમ કર્યો. સત્સંગીઓ રાજાનો હુકમ ન માન્યો. સર્વે સ્વામિનારાયણનું નામ તડકે બેસીને કરતા હતા. સૂબાની બહેન પણ એમની વચ્ચે બેઠી. સૂબાએ તેને ન બેસવા કહ્યું પણ તેને ન માન્યું. તેથી સૂબાએ બધા સત્સંગીને પણ છોડી મૂક્યા. પણ તેણે વિશેષ દ્વેષ કર્યો અને સામેથી અંધાપો માંગી આંધડો થયો. એમ અધર્મમાં મતિ પણ અંધ થઈ ગઈ.
- જોબનપગીએ ધર્મની ટેક ન મૂકી તો મહારાજે આવી દર્શન આપ્યા. માટે ધર્મ નથી છોડતા તેના પર ભગવાન રાજી થાય છે.
- લોક, શાસ્ત્રએ નિષેધ કરેલ જગ્યાએ થુંકવું નહિ. મળ-મૂત્ર ન કરવું. તેના સ્થાન (૧) પારકાનું આંગણું, (૨) રાજકીય (સાર્વજનીક) સ્થાન, (૩) તીર્થ સ્થાન, (૪) નદી-સરોવર, (૫) ગાયનો નેહળો, (૬) જળમાં, (૭) રાફડામાં, (૮) ભસ્મમાં, (૯) ખેડેલ જમીન વગેરે સ્થાને મળ-મૂત્ર-થુંકવું નહિં.
- ચોર માર્ગેથી પ્રવેશ ન કરવો અને નિસરવું નહિ. અને જે સ્થાન ઘણીયાતું હોય ત્યાં તે માલીકને પૂછયા વિના પ્રવેશ ન કરવો. તે પર પ્રાંતિજના નવલબાઈના પ્રેમની વાત કરતા કહ્યું કે તેનો પતિ મહારાજનો દ્વેષી. પ્રાંતિજમાં મહારાજ પધાર્યા હતા પણ નવલબાઈને તેના પતિએ ઓરડામાં પૂરી દીધી. એક દિવસ બારીમાંથી બહાર નીકળી મહારાજના દર્શને ગયા અને પ્રાર્થના કરી. મહારાજે તેમને સર્વેક્રિયા સ્વામિનારાયણ કરતા કરતા કરવા કહ્યું. અને ઘેર જાવ ત્યારે મૂખ્ય દરવાજેથી જજો. તેમને બારીમાંથી જવાની ના પાડી કેમકે તે ચોર માર્ગ છે. પછી તો ચોર આવ્યાની વાત કરી અને તેના પતિને ગુણ આવ્યો અને સત્સંગી

થયો.

- મારા આશ્રીતો પરસ્ત્રી થકી જ્ઞાન-વાર્તા ન સાંભળવી ભલે તે સ્ત્રી ધર્મવાળી હોય અને તેણીને સંબોધીને કથા-વાર્તા પણ ન કરવી. સ્કંધપુરાણમાં પુરુષાકર્ષણ કરવાના ગુણો સ્ત્રીમાં સ્વભાવિક છે એમ કહ્યું છે માટે સ્ત્રી સાથે સંવાદ-વિવાદ ન કરવો. તેમજ રાજા અને રાજાના માણસ સાથે વિવાદ ન કરવો. વિવાદ કરે તો અકારણ ઉપદ્રવ આવી પડે છે.
- આચાર્ય, ગુરૂ, પ્રતિષ્ઠિત, વિદ્વાન, રાજા, શસ્ત્રધારી એ છ પ્રકારના મનુષ્યનું અપમાન ન કરવું. તેનું અપમાન કરવાથી દુઃખ આવે છે. અપયશ મળે છે. તે પર ઈન્દ્રને દુવાર્ષાનો શાપ થયો તેની વાત કરી. ઈન્દ્રના વાંકે બધાને સહન કરવાનું આવ્યું.
- મોટા પુરુષના ગુણ કહેવા પણ તેમાં કોઈ દોષ જણાતો હોય તો તે ન કહેવો એ વિવેક રાખવો.
- દેહે કરીને અસમર્થપણું, રોગી હોય, વૃધ્ધ, સંન્યાસી, સ્નાતક, વાહને યુક્ત તેને માર્ગ આપવો.
- નિર્વિકલ્પ સમાધિ એટલે પ્રગટ પ્રાપ્તિ એવો નિશંસય નિશ્ચય.
- અનન્ય ભક્તિ, દાસપણું, આવવા અને અહમ્ મમત્વરૂપ માયાથી છૂટવા ભગવાનની પ્રાર્થના કરવી.
- ''હરિજનને ઘેર બેઠા તીર્થ, નિત્ય ગોવિંદ ગુણ ગાવે...'' એવું મહિમાવંત મુક્તાનંદ સ્વામીનું કિર્તન ગાઈ ધૂન-આરતી કરી. બીજા સત્રની પૂર્ણાહુતી કરી.

**<u>પંચમ્ દિન - (છેલ્લુ સત્ર)</u>**

- નિજમંદિરમાં આરતી બાદ હરિકૃષ્ણ મહારાજનો વિધિપૂર્વક અભિષેક કરવામાં આવ્યો. હરિકૃષ્ણ મહારાજનો સંતોએ અભિષેક કર્યો ત્યારબાદ યજમાન અને ટ્રસ્ટીશ્રીઓએ અને મહેમાનોએ અભિષેક કર્યો. ત્યારબાદ હરિકૃષ્ણ મહારાજની આરતી કરવામાં આવી.
- ત્યારબાદ બન્ને છત્રીમાં ચરણારવિંદનું પૂજન અને બાપાશ્રીની વાતો તથા વચનામૃત રહસ્યાર્થ કરવાનો સંકલ્પ આજની તિથીએ કરેલ તેનું પણ પૂજન કર્યું.
- ત્યારબાદ ઠાકોરજીને અન્નકોટ ધરવામાં આવ્યો અને આરતી કરવામાં આવી. સહુ સભામંડપમાં કથાર્થે પધાર્યા.
- નદી સાગરમાં વિલીન થઈ સાગરમાં સમાઈ જાય છે. તેમ અનેક વિઘ્નો ને ન ગણી ભક્તો ભગવાનને મળે છે. તે માટે હાલતા-ચાલતા સર્વે ક્રિયામાં ભગવાનની સ્મૃતિ રાખવી. ગઢપુરમાં બહેનો ભગવાનની સ્મૃતિ રાખી રસોઈ કરવી વગેરે ક્રિયાઓ કરતા. તેવો ખટકો આપણે રાખવો.
- સત્પુરુષના વચનમાં રહેવું એ વાણી ભગવાનના સ્વરૂપમાંથી નીકળે છે અને પાછી ભગવાનમાં ભળી જાય છે.
- આપણા સંપ્રદાયમાં સંતોની પરંપરા છે. પણ એ બધા સંતોમાં જ્ઞાન ભગવાન સ્વામિનારાયણનું માટે આપણા બધાના ઈષ્ટદેવ અને ગુરૂ ભગવાન સ્વામિનારાયણ છે.
- વિદ્યા, ધન, અધિકાર આદિનું અભિમાન ન રાખવું. ''માન તજી સંતનકી સોબસ...'' એમ બ્રહ્માનંદ સ્વામી કહે છે.
- પોતાનું સ્વરૂપ દેહથી જુદું માનવું. તે પર જેતલપુરના વિપ્ર દુલજારામની વાત કરી જે તેમને પૂછયું તમારુ નામ શું? ત્યારે કહે આત્મારામ. શ્રીજીમહારાજે કસોટી કરી પણ તેમાં પાર પામ્યા. શ્રીજીમહારાજ પ્રસન્ન થયા. ''મે હું આદિ અનાદિ આ તો સર્વે ઉપાધિ...'' નિષ્કુળાનંદ સ્વામી.
- જેમના સમાગમથી આપણા ભક્તિના અંગ વૃધ્ધિ પામે તેનો ક્યારેય ત્યાગ ન કરવો. ''પ્રભુપદ કરાવત પ્રિતિ...'' આપણી આ પરંપરા છે. તે આપણે જાણવી રાખવાની છે.
- 'એક ઘડી, આધી ઘડી, આધી સે બુનિયાદ...' તુલસીદાસે કહ્યું એવા સંતના સમાગમની તોડી ક્ષણ પણ બહુ મોટી વાત છે.
- ''ચરિત્ર સર્વે ચિંતથી મૂર્તિ રાખે મન, કાળ, માયા, વ્યાપે નહિ...'' એવો અવસર આપણે મળ્યો છે. ''અવસર આવ્યો રે કે તમને ભજવાનો...''
- જેમને કચરો-કંચન સમ થઈ ગયું છે અને ભગવાન વિના કયાંય પ્રીતિ નથી એવા સંતના ચરણ સેવવા.
- દાદાખાચરના દિકરા અમરાખાચર દંડવત્ કરતા કરતા સભામાં આવે, એવો સંત અને ભગવાનનો મહિમા સમજતા. એવો સમય અને એવું સ્થાન અને સંત સમાગમ એ સત્યુગની પ્રવૃત્તિ સમજવી.
- એક એક મુનિમાં અનેક મુનિના વૃંદ એવા મુનિસ્વામી આપણને મળ્યા છે. આવા સંત પરમ ભાગવત્ સંત છે, એમ મહારાજ કહે છે. એવા સંતનો રચેલ ગ્રંથ ''શિક્ષાપત્રી રહસ્યાર્થ''ની પારાયણનો આપણે સહુ લાભ લીધો.
- સર્વે સંતો તથા સભાનો રાજીપો મેળવી 'જયઘોષ' કરી કથાની પૂર્ણાહુતિ કરી.
- ત્યારબાદ વક્તાશ્રીએ ગુરૂ સ્વયંપ્રકાશદાસજીનો આશીર્વાદાત્મક સંદેશો સભામાં પાઠવ્યો.
- સર્વે યજમાનશ્રીનું સંસ્થા વતી પ્રમુખશ્રીએ સન્માન કર્યું અને વક્તાશ્રી તથા સર્વે સંતોનું પૂજન કરવામાં આવ્યું. શ્રી સ્વામિનારાયણ ડીવાઈન મીશન સંસ્થા વતી જગદીશભાઈએ યજમાનશ્રીનું સન્માન કર્યું. પારાયણની આભારવિધિ યજમાન પરિવાર વતી શ્રી પુરુષોત્તમભાઈ પટેલ દ્વારા કરવામાં આવી.
- અંતમાં આરતી કરી કથાની પૂર્ણાહુતિ ''અનાદિમુક્તોઙહમ્ સ્વામિનારાયણ દાસોસ્મિ'' તથા સ્વામિનારાયણ ધૂન સાથે કરવામાં આવી.
- મહાપ્રસાદ લઈ સર્વે સંત, મુક્તો પોતપોતાના સ્થાન-વતન જવા શ્રીજીમહારાજનું સ્મરણ કરતા કરતા પ્રયાણ કર્યું.

**પ્રવચનમાળા**

**સદ્. શ્રી શ્રીજીપ્રકાશ સ્વામી :-**

- વાસના કુંઠિન થઈ જાય એવી આ ભૂમી છે, જેને મુનિસ્વામીએ પ્રથમ વિકસાવી.
- મંદિર અને સભામંડપનું નિર્માણ કર્યુ. એ સભામંડપમાં બેસીએ ત્યારે આનંદના ફુવારા છૂટે.
- મુનિસ્વામીએ કહેલ કે ભવિષ્યમાં આ સભામંડપ નાનો પડશે તે આપણે જોઈએ છીએ.
- પંચવર્તમાન ઉપર મુનિસ્વામીએ ખૂબ સરસ વાત કરેલ પણ એમા ભગવાનનો સંબંધ ન આવે એવું હોય તો એ પંચવર્તમાન પૂર્ણપણે પાલન કર્યું ન કહેવાય.
- જેમ શીવાલયને નમસ્કાર કરવાની શિક્ષાપત્રીમાં વાત કરી તેમ શીવ કહેતા કલ્યાણ ને કલ્યાણ આપનારા જે પુરુષ જે હરિભક્તો તેમને નમસ્કાર કરવા વંદન કરવા એ ભાવ પ્રગટ કર્યો. એમ બધાજ શ્લોક મુનિસ્વામીએ સમજાવ્યા છે.

**સદ્. શ્રી શ્વેતવૈકુંઠદાસજી સ્વામી :-**

- જાદવજીબાપાની વાણી સાંભળ્યા પછી આપણી વાણી નીકળી શકતી નથી.
- મહારાજ અને મુક્તનો મહિમા ન હોય તો સેવાની શ્રધ્ધા ન આવે. તે પર કેરાના હરિભક્તને અક્ષરજીવનદાસજી સ્વામીએ અને બાપાશ્રીએ મંદિરમાં સેવા માટે કહ્યું પણ મનાયું નહિં અને સેવા કરી નહિ અને વહાણમાં જતા હતાં તેમાં વહાણ બુડ્યું અને પૈસા ધૂળ-ધાણી થઈ ગયા.
- સોમચંદબાપાનું જીવન અને ખોરાક કેટલો સાદો. તેમને ગુજરાતમાં કેટલાય હરિભક્તોને બાપાશ્રીનો મહિમા સમજાવ્યો છે.
- કચ્છમાં અક્ષરજીવનદાસજી સ્વામી અને ધનબાઈ ફઈએ સત્સંગ કરાવ્યો અને કચ્છના ભક્તોમાં સેવાના બીજ રોપ્યાં. માટે ગુજરાત અને કચ્છના હરિભક્તોએ અરસ-પરસ એક-બીજાના ગુણો ગ્રહણ કરવા.
- અ.મુ. શ્રી જાદવજીબાપા અને અ.મુ. શ્રી મામાશ્રીએ જે જગ્યાએ સાર્ધ શતાબ્દી મહોત્સવ ઉજવ્યો તે સ્થાને ભવ્ય 'સહજાનંદ મંડપ' બની રહ્યો છે તેમાં સારોય કારણ સત્સંગ સેવામાં જોણાય.
- યજમાન પરિવારમાં સેવાની ભાવના અને સમજણ છે તેમને સોમચંદબાપાનો ખૂબ રાજીપો મેળવ્યો છે, તેનું પરિણામ છે.

**સદ્. શ્રી પ્રેમવલ્લભદાસજી (મહાત્મા સ્વામી) :-**

- મુનિસ્વામીએ બાપાશ્રીને રાજી કરવા મહારાજનું સ્વરૂપ જે શિક્ષાપત્રી તે પર ''શિક્ષાપત્રી રહસ્યાર્થ'' કરી સત્સંગને બહુમુલ્ય ભેટ ધરી છે.
- યજમાનના પિતાશ્રી મુક્ત હતા. તેમને અમને આમંત્રણ આપી અહીં બોલાવ્યા છે. આ સ્થાનમાં બાપાશ્રી પછી કેટલાય મુક્તો આવતા અને આ સ્થાનનો મહિમા કહેતા એવા એ સ્થાનમાં ૨૧૨ શ્લોકનું સુદર્શન ચક્રરૂપી જ્ઞાન વહે છે.
- યજમાનશ્રીના પિતા શ્રી કાંતીભાઈએ છતેડીને મીની બસ હરિભક્તોની સગવડ માટે આપેલ.

**અ.મુ. શ્રી ગોવિંદભાઈ વેકરીયા (પ્રમુખશ્રી) :-**

- છતેડીધામના વિકાસના પાયાના પથ્થરો એવા ઈ.સ. ૧૯૬૧થી કરી અત્યારે ઈ.સ. ૨૦૨૪ સુધીમાં શ્રી અબજીબાપાની છતેડી તથા હનુમાનજી મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટીઓનો ઉલ્લેખ કરી તેમની સેવાને બીરદાવી. તેમાં પ્રથમ બાપાશ્રીના પુત્ર શ્રી મનજીબાપા અબજીબાપાને આજીવન ટ્રસ્ટી તરીકે અને કાનજીબાપાના પુત્ર શ્રી માવજીભાઈ કાનજીભાઈ અબજીબાપા પ્રથમ આજીવન પ્રમુખની વાત કરી. અત્યાર સુધીમાં લગભગ ૨૫ ટ્રસ્ટીશ્રીઓ અને હાલના ટ્રસ્ટીશ્રીઓની ઝાંખી કરી.
- છતેડી સ્થાનમાં માતબાર દાનવીરો તથા નાના મોટા દાતાઓ તેમજ ભૂમીદાન આપનાર દાતાઓને પણ યાદ કર્યા.
- તેમજ વિશેષપણે મુનિસ્વામીનું સૌથી મોટું યોગદાન તે કેમ ભૂલાય.
- સિંહના પંજાના આશરે બકરી નિર્ભય રહી તો આપણે કેવા મોટા મુક્તો મળ્યા છે! માટે આપણે પણ નિર્ભય રહેવું. આપણે સદ્‌ગુરૂને નથી મળ્યા પણ મુનિસ્વામી, જાદવજીબાપા અને નારાયણમામાને જાણ્યા છે ને માણ્યા છે તો નિર્ભય છીએ.
- આ દિવ્ય સભાને પ્રાર્થના કરૂ કે મારામાં દિવસે દિવસે નિર્માનીપણું આવે દાસપણું સદા રહે અને આ છતેડીધામની સેવા કરવાની તક મોટા મુક્તની કૃપાથી મળી છે તો સદાય આ સભાનો પણ રાજીપો રહે એવી સેવા થાય એવી સભાને પ્રાર્થના કરૂ છું.

**અ.મુ. શ્રી રવજીભાઈ વરસાણી :-**

- આ સત્સંગના બગીચામાં આપણે બેસવા મળ્યું એ આપણા ધન્ય ભાગ્ય.
- જાદવજીબાપએ મને ૧૦ રૂ. આપ્યા અને માસીબાએ મને ૫૦૦ રૂ. આપ્યા હતા. તે સાચવી રાખ્યા છે. અમે જે સેવા કરી રહ્યા છીએ એ બાપાએ આપેલું છે. અમારુ તેમાં કાંઈ નથી.
- બાપાશ્રીના માતૃશ્રીનુ પીયર કેરામાં ભુવા કુટુંબ.તેથી બાપાશ્રી વારંવાર કેરા આવતા અને ઘરોઘર ગામમાં બાપાશ્રી પધરામણી કરતા.
- કાન્તીબાપા એકદમ નિર્દોષ પુરુષ. મને પોતના ઘરે લઈ જઈ પ્રેમથી જમાડતા.
- વિશ્વપ્રકાશદાસજી સ્વામીએ પોતાનું સર્વસ્વ છતેડીને અર્પણ કર્યું છે.

- પંચાળાનું પાંચમું વચનામૃત કંઠે કરવું અને આપણે બળ મેળવવું.

**અ.મુ. શ્રી જગદીશભાઈ ઠક્કર :-**

- અમે મામાશ્રી સાથે અહિં આવતા. મુનિસ્વામીના અગ્નિસંસ્કારવખતે અમે આવેલ. વિઠ્ઠલજીભાઈ દવે મુનિસ્વામીના ખુબ કૃપાપાત્ર.
- વિઠ્ઠલજીભાઈએ મુનિસ્વામીને એક વખત કહેલ કે ગુરૂ! તમે જશો પછી અમે કોને શરણે રહેશું. ત્યારે મુનીસ્વામીએ મામાશ્રીનો યોગ કરવા કહ્યું.
- મામાશ્રીએ વિઠ્ઠલજીભાઈને પૂછયું કે ''મુનિસ્વામીએ છેલ્લે શું કહ્યું હતું.'' ત્યારે ઉપર મુજબની વાત કરી.
- મુંબઈમાં એક વખત આજ વાત વિઠ્ઠલજીભાઈએ કરેલ.
- એક વખત મુનિસ્વામી વિરમગામ પધારેલ. મુનિસ્વામીને ક્યાંય જવું હોય તો મારા પિતાશ્રી તેમને ગાડીમાં લઈ જતા.
- એક વખત મુનિસ્વામીને બળદિયા આવવું હતું ત્યારે સાંતલપુર રણમાં રાત્રે અટવાઈ ગયા. ગાડી ઊભી રાખી. ત્યારે સ્વામી કહે મને પાણી પીવું છે. અને આ રસ્તે જાવા દયો. અને ગાડી ચાલી ત્યાં તો તરત ભુજ આવી ગયું.
- કાંતીભાઈ સોમચંદબાપાની તિથીમાં હંમેશા સોમચંદબાપાની વાત કરતા. વાત કરતા કરતા તેઓની આંખમાં આંસું આવી જતાં.

**અ.મુ. શ્રી જીતુભાઈ વ્યાસ :-**

- મહારાજ, બાપા અને મુક્તોની પ્રસન્નતા આપણા સહુ પર વરસી રહી છે.
- બાપાશ્રીની જેમ તેમના સસંર્ગમાં આવેલ મુક્તો પણ જોઈને વાત કરેલ છે.
- જે એકાંતિકભાવને પામી ગયા છે તેમને શિક્ષાપત્રીમાં સ્વામીએ પ્રત્યાક્ષાર્થ કહ્યો છે તે સમજવો.
- આપણી જે ઉપાસના છે તેને વક્તાશ્રી ખૂબ સરસ રીતે રજૂ કરે છે.
- બાપાશ્રીએ ચરણારવિંદ એટલા માટે પધરાવ્યા છે કે પ્રભુ પ્રાપ્તિને માર્ગે આગળ ચાલવું હોય તેને ચરણારવિંદ એ દાસત્વભાવ (હું કાંઈ નથી)માં લાવે છે. સેવાભાવ લાવે છે. સમર્પણભાવ લાવે છે. કૃષ્ણ અર્જુનને એ સમર્પણભાવમાં લાવ્યા.
- બાપાશ્રીએ હનુમાનજી પધરાવ્યા તે પણ નિષ્કામભાવ, બુધ્ધિ, બળ વગેરે હનુમાનજીમાં હતા તે ગુણ આપણે કેળવીએ.
- શિક્ષાપત્રી રહસ્યાર્થ એટલો અદભૂત ગ્રંથ મુનિસ્વામીએ કર્યો છે કે કોઈ પ્રકારનો સંશય ન રહે.
- મોટા મુક્તોની વાણીને આપણા જીવનમાં ચરિતાર્થ કરીએ અને મહારાજની પ્રસન્નતા મેળવીએ.
- યજમાનશ્રી પર મહારાજ-બાપા રાજી છે અને વિશેષ રાજી થાય અને તેમની મનોકામના પૂર્ણ કરે.
- દેશ-વિદેશથી ભક્તો પધારે છે તેઓમાં પણ કારણ સત્સંગનો અવિર્ભાવ થાય એવી મહારાજ-બાપાના ચરણોમાં પ્રાર્થના છે.

**અ.મુ. શ્રી પુરષોત્તમભાઈ પટેલ :-**

- પૂનમના દિવસે શ્રી સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપો તેમજ બાપાશ્રીના સ્વરૂપો પધરાવ્યા છે તે નિમિત્તે આ પાટોત્સવ બ્રહ્મયજ્ઞનું આયોજન દર વર્ષે કરીએ છીએ.
- મુનિસ્વામી અંતરધ્યાન થયા તેને ૫૦ વર્ષ પૂર્ણ થયાં તે પણ નિમિત થયું.
- મહારાજ, બાપા, મુક્તો આપણા માટે પૃથ્વી ઉપર પધારે છે.
- ''ઈન્દ્રીયારામ મટી થયા આત્મારામ... નિષ્કુળાનંદ સ્વામી'' ''ધામ સ્વરૂપ પોતાતણું... મને મળ્યા પુરષોત્તમરાય'' આવું નિષ્કુળાનંદ સ્વામી ગાયું છે. ''રસબસ હોઈ રહી રસિયા સંગ...'' આવા અનેક અનાદિમુક્તની સ્થિતિના વચનો નંદ સંતોએ ગાયા છે.
- શિક્ષાપત્રી રહસ્યાર્થમાં આ વાત સમજાવવામાં આવી છે.
- વૃંદાવન સ્વામી બાપાશ્રીના એક વચને બદલાઈ ગયા.
- મુનિસ્વામીને હળવદમાં બાપાશ્રીએ દર્શન આપ્યા અને જીવન બદલાઈ ગયું. આવા અનેક બાપાશ્રીની કૃપાથી જેમના જીવન બદલાયાના પ્રસંગો છે.
- સ્વામીએ શિક્ષાપત્રી ગ્રંથ આધારા-પુરાવા સાથે બનાવ્યો છે.

**અ.મુ. શ્રી રાજભાઈ વકીલ :-**

- મહારાજે પ્ર.-૬૪, મ.-૧૩, છે.-૩૯માં અમારા અનુભવની વાત કહી છે. તેમ બાપાશ્રીએ પણ અનુભવની વાત પ્ર.-૬૪માં રહસ્યાર્થમાં કહી.
- મહારાજના મુક્તોને વ્યતિરેક મૂર્તિનો સંબંધ છે. બાપાશ્રીએ આ વાતની ખૂબ વાત કરી છે.
- બાપાશ્રી કહે કેટલાક રહસ્યાર્થમાં ખોટ કાઢે છે. પણ આ ટીકા શ્રીજીમહારાજે કરી છે અમે તો દ્વાર છીએ.
- અક્ષરનું સાધર્મ્યપણાનું અને પુરુષોત્તમનું સાધર્મ્યપણું તે ઉપર પ્ર.-૫૧, પ્ર. ૬૪, મ.-૬૭, લો.-૧૩ વગેરે વચનામૃતમાં પુરુષોત્તમનું સાધર્મ્યપણું, તેમના તુલ્યપણાનું વગેરે વચનામૃતો છે.
- જ્ઞાનની દઢતા સમજાય પછી આગળ વધાય છે એમ મામાશ્રી કહે છે.
- ગ.પ્ર.-૨૧ વગેરેમાં સાધનકાળની વાત છે ત્યાં અક્ષરનું સાધર્મ્યપણું કહ્યું છે. માટે આ ભેદ બાપાશ્રીએ રહસ્યાર્થમાં કહ્યું.
- આમ અક્ષર અને પુરુષોત્તમનું સાધર્મ્યપણાંના વચનામૃતોનો ખૂબ વિસ્તારથી કહ્યો.
- સા. ૧૭નુ મહાતેજ જેવા એ એકાંતિકની સ્થિતિ છે પણ પરમપદ જે પરમ એકાંતિક અને અનાદિમુક્ત તો તેથી પણ પર

છે આ વાત મુનિસ્વામીએ એમની દિવ્યવાણીમાં કરેલ છે.

- બાપાશ્રી કહે અમે જંગલી છીએ અમે ન્યાય કાયદા જાણતા નથી. પણ મૂર્તિ અમે આપીએ છીએ.

**અ.મુ. શ્રી રાકેશભાઈ પટેલ :-**

- નવ્ય સભામંડપની થોડી માહિતી આપી.
- સ્વામીએ 'સહજાનંદ મંડપમ્' નામનું સુચન કરેલ તે સહુ ભક્તોએ માન્ય રાખ્યું.
- નવ્ય સભામંડપમાં નિશાળના વિદ્યાર્થીઓ ઈનડોર રમત-ગમત રમી શકશે.
- જે જગ્યાએ આપણે સાર્ધ શતાબ્દી મહોત્સવનો સભામંડપ કરેલ તે જ જગ્યાએ થશે. આપણા ભાગે આવેલ આ તક છે તે ઝડપી લઈએ.

**અ.મુ. શ્રી વિશાલભાઈ ગાંધી :-**

- બાપાશ્રીની વાતો, પુરુષોત્તમ લીલામૃત, અનાદિમુક્ત ચરિત્રામૃતની ઓડીયો હાલના અને ભવિષ્યના સંજોગોમાં સાંભળી શકે તે જરૂરી છે.
- આપણુ જ્ઞાન અને આપણા મુક્તોનું જીવન વગેરે બધુ અંગ્રેજીમાં થાય અને બધાને લાભ મળે તે સાંપ્રત સમયમાં ખૂબ જરૂરી છે. તો તે માટે સહુ સેવામાં જોડાય એવી પ્રાર્થના.

**અ.મુ. શ્રી કલ્યાણભાઈ વેકરીયા :-**

- મુનિસ્વામી અંતરધાન થયા તેને ૫૦ વર્ષ પૂર્ણ થયા અને બ્રહ્મચારી મહારાજ અંતરધાન થયા તેનું ૧૦૦મું વર્ષ બેઠું.
- કચ્છમાં અબજીબાપાશ્રીની ઓળખાણ પ્રથમ બ્રહ્મચારી મહારાજ અને બાદમાં મુનિસ્વામીએ યથાર્થપણે કરાવી.
- ઈ.સ. ૧૯૬૧માં મુનિસ્વામીએ પ્રથમ મંદિર નિર્માણ કરવા જઈ રહ્યા હતા ત્યારે જેમને દાન આપ્યા હતા તેની વાત કરી.
- બળદિયાના અ.મુ. શ્રી રામજીભાઈ પરબતભાઈ વેકરીયાની બાપાશ્રીએ આફ્રીકામાં હબસીઓ થકી રક્ષા કરી તે વાત કરી. તેમના દીકરા ખીમજીભાઈએ ઈ.સ. ૧૯૬૧માં છતેડી મંદિર માટે મોટું દાન આપેલ. તેઓ છતેડીધામના ટ્રસ્ટી પણ હતા.
- શિક્ષાપત્રી શ્રીજીમહારાજે લખી એ એક લીલા છે તેમાં સંશય ન થાય તે આપણને ધ્યાન રાખવું.

**અ.મુ. શ્રી નટુભાઈ પટેલ :-**

- સરસપુર મંદિરમાં ઈશ્વર સ્વામી, હરિભક્તો બેઠા હતા. એક હરિભક્ત દંડવત કરતા હતા. તેમને સ્વામીએ પૂછયું કોણ દંડવત કરતું હતું. તેમજ એક હરિભક્ત પગે લાગ્યા ત્યારે પૂછયું આ કોનો હાથ છે. ત્યારે કહે મહારાજનો. કાંતીભાઈને પણ પૂછયું કાંતીભાઈ એ જવાબ આપ્યો. અત્યારે મહારાજ સ્વામીને મળી રહ્યા છે અને મહારાજ એ હરિભક્તને મળી રહ્યા છે. ત્યારે સ્વામી કહે જાઓ પાસ એમ જ્ઞાનની પરાકાષ્ટા કહી.

**અ.મુ. શ્રી પ્રશાંતભાઈ સ્વદાસ :-**

- આ વખતના મૂર્તિ અંકમાં 'કેશવપ્રિય કચ્છ' ખૂબ સરસ લખાયું છે.
- મુનિસ્વામીએ દસ ગ્રંથ પ્રકાશીત કર્યા છે.
- બાપાશ્રીની વાતો ભા.૨, ૧૧૦ પછીની ઘણી વાતો મુનિસ્વામીએ લખી છે. તેમાં બાપાશ્રીનો સ્વામી પ્રત્યેનો સ્નેહ ખૂબ દેખાય છે.
- વઢવાણમાં મણીભાઈ બાપુજીને ઘેર બાપાશ્રી પધારેલ. ત્યારે મુનિસ્વામીના ભાઈ પધારેલ ત્યારે બાપાશ્રી કહે અનંત બ્રહ્માંડમાં ન મળે એવા મુનિસ્વામી છે. એમ બોલ્યા.
- રામપરની પારાયણમાં સ્વામીનો સાદ બેસી ગયો. ત્યારે બાપાશ્રી દૂધ ગરમ કરી મુનિસ્વામી માટે લાવ્યા. ત્યારે મુનિસ્વામી કહે તમે અમારા માટે આ ન કરવું ત્યારે બાપાશ્રી કહે તમારા માટે ૧૦૦ રૂ. વાપરીયે તેથીયે વધારે વાપરીયે.
- બાપાશ્રીએ મુનિસ્વામીને જેમ અર્જુને મચ્છ વેંધ્યો તેમ એક વૃત્તિ આ સ્વામીએ મૂર્તિમાં કરી છે. એમ નવાજ્યા.
- બાપાશ્રી કહે સ્વામી તમારે આરામ કરવો ખપે. ત્યારે સ્વામી કહે તમને દેખીયે છીએ એટલે આરામ થઈ જાય છે.
- બાપાશ્રી ખમ્મા મહારાજ બોલતા અને પ્રદક્ષિણા કરતા.
- અમારા પિતાશ્રી કાનપુર IITમાં ભણતા અને ત્યાર પછીના પત્રો સ્વામીએ લખ્યા હોય તેમાના મૂર્તિ અંકમાં મૂક્યા છે. એક કાગળ 'શિક્ષાપત્રી રહસ્યાર્થ' બાબતે છે તે પર વાત કરી કે તેમાં સેવા કરવા પિતાશ્રીએ જણાવેલ.
- 'આપણે જાણપણારૂપ દરવાજે રહેવું' એટલામાં બાપા મૂર્તિ આપી દે છે.
- +ve વિચારો આપવા 'અનાદિમુક્તો અહમ્' એ +ve વિચાર છે. તે પર pilotને ટ્રેનીંગ આપતી વખતે ટ્રેક ઉપર ચાલવું પણ ન અથડાવાનો ખ્યાલ રાખવાની વાત નથી કહેતા.

## મૂર્તિ સુખે સુખી થયા

- મુનિસ્વામી, સોમચંદબાપા, જાદવજીબાપા અને નારાયણમામાના કૃપાપાત્ર કારણ સત્સંગના મોભી અને છતેડીધામના દરેક ઉત્સવમાં વહેલેથી આવી કથા-વાર્તા, કિર્તનમાં અહોનીશ રત્ રહેનાર એવા (૧) જેતપુર મંદિરમાં વર્ષો સુધી પુજારી એવા અ.મુ. શ્રી અમરશીભાઈ મોહનભાઈ જાકાસણીયા ઉ.વ. ૯૦, તા. ૨૧/૦૫/૨૦૨૪ના રોજ મૂર્તિ સુખે સુખીયા થયા છે.

(૨) ગામ રામપરાના શ્રી જગમાલભાઈ મુલજીભાઈ મોરી, ઉ.વ. ૯૫, તા. ૨૮/૦૫/૨૦૨૪ના રોજ મૂર્તિ સુખે સુખી થયા છે.

**શ્રીજીમહારાજ તેમને પોતાની મૂર્તિનું સુખ વિશેષ ને વિશેષ આપે અને તેમના પરિવારને ધીરજ અને બળ આપે એવી શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના ચરણોમાં પ્રાર્થના........**



## પાટોત્સવ એવમ્ મુનિસ્વામી સુવર્ણ સ્મૃતિવર્ષ ઉપલક્ષે શિક્ષાપત્રી સહસ્ત્રાર્થ પારાયણ



**વક્તા :**
**શા. શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી**



**યજમાન :**
**મૂ.નિ. શ્રી કાન્તિભાઈ કેવળદાસભાઈ પટેલ,**
**મૂ.નિ. ઈન્દિરાબેન કાન્તિભાઈ પટેલ સહપરિવાર**
**- અમદાવાદ**





MURTI, Gujarati, Monthly, June, Year 21, Issue - 06
RNI No. GUJGUJ/2004/52455 Published on 11-06-2024

MURTI

Posted at Bhuj Shorting Office on Date 13th of Every Month
Postal Registration No. GKCH-173 / 2022-24




Printed and Published by Kalyan Naran Vekaria, on behalf of Abjibapashri ni Chhatri & Hanumanji Mandir Trust. Printed at Swastik Printers - Basement Pindoriya Chambers , New Station Road, Bhuj-Kachchh. 370001 and Published at Abjibapashri ni Chhatri & Hanumanji Mandir Trust. Po. Baladia, Bhuj-Kachchh. Editor : Kalyan Naran Vekaria